માનવ જીવન

અને

પરલોક

◆ લેખક ◆

મુહમ્મદ ઝૈનુલ આબિદીન મન્સૂરી

ડૉ. મુહમ્મદ અહમદ

ડૉ. સૈયદ શાહીદઅલી

◆ અનુવાદ ◆

મુહમ્મદ અમીન શેઠ

અનુક્રમણિકા

પ્રકાશક તરફથી...

સૃષ્ટિના સર્જનહાર અલ્લાહે તમામ મનુષ્યો માટે એક જીવન-વ્યવસ્થાના રૂપે ઇસ્લામ ધર્મને અવતરિત કર્યો છે. જેથી આ દીન એટલે કે જીવનવ્યવસ્થા તેના આધારો, આદર્શો, આસ્થાઓ, આચરણની પદ્ધતિ સમેત વિશ્વના તમામ માનવો સુધી પહોંચાડવામાં આવે. અને આ કામની જવાબદારી ઇસ્લામના અનુયાયીઓને સોંપવામાં આવી છે કે તેઓ પોતે આ દીન ઉપર અમલ કરે, પોતાનું જીવન તેના અનુરૂપ બનાવે અને તમામ માનવો સુધી આ સત્ય દીનને પહોંચાડે કે જેથી જગત શાંતિ-સલામતી અને સદ્વર્તનને પામી શકે.

માનવ સમુદાય પોતાના પાલનહાર-સર્જનહારને ઓળખી શકે અને તેને આપેલ જીવનને તેના આદેશો મુજબ ગુજારે કે જેથી તેના આલોક અને પરલોકમાં તેનું જીવન સફળ નિવડે.

આ પુસ્તક માનવોના વર્તમાન જીવન અને આ જીવન પછી આવનારા બીજા જીવન એટલે કે પરલોકના જીવન વિષે ચર્ચા કરે છે અને સમજાવે છે કે આ જીવન પછી શું થવાનું છે ? આપણા આ જીવનના કર્મોના આધારે પરલોકનું જીવન બનવાનું છે અને મૃત્યુ પછી કઈ પરિસ્થિતિનો સામનો કરવો પડશે જે માટે પરલોકની તૈયારી આજથી જ કરવી કેટલી જરૂરી છે. આ તમામ વાતો સરળ શૈલીમાંસમજાવવામાં આવી છે.

પુસ્તક ત્રણ પ્રબુદ્ધ લેખકોએ લખ્યું છે જેની પ્રસ્તાવના જમાઅતે ઇસ્લામી હિંદના મંત્રી સાહેબે બે શબ્દના નામે લખી છે. આશા છે વાંચકો આલોક અને પરલોકની આ ચર્ચા ઉપર ચિંતન-મનન કરીને તેને જીવનમાં ઉતારવા પ્રયત્નશીલ થશે. અલ્લાહ આપણી સહાયતા કરે અને સત્યમાર્ગે ચાલવાની પ્રેરણા આપે.

ડૉ. શકીલ અહમદ

ચેરમેન, ઈસ્લામી સાહિત્ય પ્રકાશન, ગુજરાત

બે શબ્દ

મૃત્યુ એક એવું સત્ય છે. જેને મનુષ્ય જૂઠૂં ઠેરવી શકતો નથી. મનુષ્ય પોતાના સમીપ પોતાના સગાવ્હાલાં અને મિત્રોને મૃત્યુના ચક્રવાતમાં સમાઈ જતા જુએ છે, પરંતુ તેમને મૃત્યુથી બચાવી શકતો નથી. તેને એ વિચાર આવે છે કે એક દિવસ તેણે પણ મરવાનું છે અને કાયમ માટે આ સંસારથી ચાલ્યા જવાનું છે.

મનુષ્યના સામે અમુક પ્રશ્નો એવા છે, જેનો સાચો ઉત્તર મળવો અત્યંત આવશ્યક છે. જેમ કે જીવન શું છે ? જીવનનો સર્જનહાર કોણ છે ? તે આપણાથી શું ચાહે છે ? મૃત્યુ શું છે ? મૃત્યુ પછી જીવન છે કે નહીં ? જો જીવન છે તો પરલોકમાં સફળ અને ઉત્તીર્ણ થવા માટે આ સાંસારિક જીવનમાં શું કરવું પડશે ? જો જીવન નથી, તો મૃત્યુ પછી જીવન સમાપ્ત થઈ જાય છે ?

આ પ્રશ્નો ઉપર દાર્શનિકો અને વિદ્વાનોએ હંમેશા ચિંતન-મનન કર્યું છે સવિશેષ આ જીવન પછી આવનારા મૃત્યુ વિષે, તેમજ અમુક ધર્મોએ પણ આ સંબંધે પ્રકાશ નાંખ્યો છે જે આ મુજબ છે.

(૧) આ જીવન ખરું અને અંતિમ છે. મૃત્યુ પછી કોઈ જીવન નથી. એટલા માટે મનુષ્ય આ જીવનને દરેક રીતે સફળ બનાવે. જીવનનો ઉદ્દેશ્ય માત્ર એશઆરામ અને ભોગવિલાસ છે.

(૨) અમુક લોકોનો વિચાર છે કે મૃત્યુ પછી જીવન છે એને પરલોકનું જીવન કહી શકીએ છીએ. સ્વર્ગ અને નર્ક પણ એક સત્ય છે. પરલોકના જીવનમાં સ્વર્ગ પામવા માટે મનુષ્ય તે ઈશ્વરના પુત્ર ઉપર પોતાની આસ્થા રાખે અને એ સ્વીકારે કે દરેક મનુષ્ય જન્મજાત ગુનેગાર છે અર્થાત જન્મજાત પાપી છે. તેના (ઈશ્વરના) પુત્ર એ વધસ્તંભે જાન આપીને મનુષ્યોના ગુનાઓ અને પાપોનું પ્રાયશ્ચિત કરી દીધું છે.

(૩) અમુક બીજા લોકોનો વિચાર છે કે મૃત્યુ પછી જીવનનો અંત નથી થતો. મનુષ્યો પોતાના સત્કર્મો અને દુષ્કર્મોના ફળ ભોગવવા માટે આ સંસારમાં વારંવાર જન્મ લે છે. ક્યારેક કીડા-મંકોડા, પશુ-પક્ષી, છોડવા અને વૃક્ષો અને ક્યારેક માનવરૂપે. ત્યાં સુધી કે ૮૪ લાખ યોનિઓમાં ભ્રમણ કર્યા પછી મનુષ્યને મુક્તિ મળે છે.

(૪) એક ધારણા આ પણ છે કે આ સાંસારિક જીવન દરેક મનુષ્ય માટે એક કસોટી છે, માનવ અને સમગ્ર જીવજંતુ, પશુ-પક્ષી, ચલ-અચલ તમામ ચીજોનો સર્જનહાર એક છે. ઈશ્વરે મનુષ્યને બુદ્ધિ અને વિવેક પ્રદાન કર્યા છે, જેથી તે સમજી વિચારીને પોતાનું જીવન વ્યતીત કરે કે, મૃત્યુ પછી એક કાયમી જીવન છે. જેણે ઈશ્વરને એક માલિક, સ્વામી, પાલનહાર અને સર્જનહાર માનીને તેના બતાવેલા માર્ગ ઉપર ચાલીને પોતાનો જીવનનિર્વાહ કર્યો, તે મૃત્યુ પછી સ્વર્ગનો અધિકારી બનશે. આ તેના માટે ખૂબજ મોટી સફળતા હશે. જેણે ઈશ્વરને ન માન્યો અને તેના બતાવેલ માર્ગ ઉપર ન ચાલ્યો અને પોતાનું જીવન ઈશ્વરીય ઈચ્છાથી વિપરિત ગુજાર્યું, તે નર્કનો ભોગી બનશે. તેણે નર્કની ભડકે બળતી આગમાં સદૈવ બળવું પડશે. આ તેના માટે ખૂબજ મોટી નામોશી અને નિષ્ફળતા હશે. મનુષ્ય પોતાના સંસારના કર્મો બદલ ઈશ્વર સમક્ષ જવાબ આપવા બંધાયેલો છે અને પ્રત્યેક કર્મ બાબત અલ્લાહ મનુષ્યની પૂછપરછ કરશે.

આ વિચારો અને ધારણાઓ એક જ સમસ્યા વિષે એકબીજાથી વિપરીત જ નહીં, બલ્કે એકબીજાની વિરોધાભાષી છે. એક જ બાબતે બધા સાચા કેવી રીતે હોઈ શકે ? તેમાંથી કયો વિચાર સાચો અને સત્યના સમીપ છે ? તેની જાણકારી પ્રાપ્ત કરીને તેની ખામીઓને પૂરી કરવાની જવાબદારી મનુષ્યની છે.

મૃત્યુ પછી જીવન સંબંધે આ પુસ્તકમાં અમુક લેખો ભેગા કરવામાં આવ્યા છે. જેથી તે લેખો દ્વારા સાચા પરિણામ સુધી પહોંચી શકાય. આ સંસારમાં માનવને એકજ વાર-જીવન મળ્યું છે. પરલોકના જીવન અથવા મૃત્યુ પછી જીવન વિષે આપણે ખૂબ સમજી વિચારીને નિર્ણય કરવાનો છે. આજના ખોટા નિર્ણયનું પરિણામ આવતીકાલે નર્કની આગ અને ભયાનક પ્રકોપના સ્વરૂપે સામે આવે, તો આ કેટલું ભયાનક પરિણામ હશે.

જે લોકો મૃત્યુ પછી જીવનને આંખોથી જોયા વિના માનવા માટે તૈયાર નથી, તેઓ વિશ્વાસ સાથે માત્ર એટલી જ વાત કહી શકે છે કે અમે નથી જાણતા કે મૃત્યુ પછી કોઈ જીવન છે કે નહીં, પરંતુ તેઓ એમ નથી કહી શકતા કે અમે જાણીએ છીએ કે મૃત્યુ પછી કોઈ જીવન નથી. કોઈ સચ્ચાઈને જાણવા માટે આંખોથી જોવું જ એકમાત્ર રસ્તો નથી. આજ સુધી કોઈ મૃત્યુ પામનારે પાછા આવીને એમ નથી

કહ્યું કે મૃત્યુ પછી કોઈ જીવન છે, સ્વર્ગ અને નર્ક બધું છે અને ન તો એમ બતાવ્યું છે કે, મૃત્યુ પછી કોઈ જીવન નથી. સ્વર્ગ અને નર્કની ધારણાઓ ખોટી છે કે મેં સ્વયં પોતાની આંખોથી જોયું છે કે ત્યાં કંઈ નથી. જ્યારે જીવનની આટલી મહત્ત્વની સમસ્યામાં આવી પરિસ્થિતિથી આપણે ઘેરાયેલા છીએ, તો પછી સચ્ચાઈ સુધી પહોંચવાનો માર્ગ કયો હોઈ શકે છે ?

મૃત્યુ પછી જીવન સંબંધે પોતાની આંખે નિહારેલી નિષ્ફળતા પછી સચ્ચાઈ સુધી પહોંચવાનો બીજો માર્ગ તે છે કે પોતાના જન્મ, બ્રહ્માંડની નિશાનીઓ અને સાબિતી પર સમજી વિચારીને તેના સત્ય અને અસત્ય હોવા બાબતે પોતાનો મત પ્રગટ કરીએ.

ધાર્મિક અને પૌરાણિક ગ્રંથો, વેદ અને બાઈબલથી જાણવા મળે છે કે મૃત્યુ પછી જીવન છે. સ્વર્ગ અને નર્ક એક વાસ્તવિકતા છે. મહાપ્રલય પછી મૃત્યુ પામેલા મનુષ્યો જીવિત થઈને પોતાની આંખોથી સ્વર્ગ અને નર્કને જોશે. આ વાત તદ્દન યથાર્થ છે. કુર્આન આજથી ૧૪૫૦ વર્ષ પૂર્વ ઈશદૂત હઝરત મુહમ્મદ (સલ્લ.) ઉપર અવતરિત થયું હતું. આ અંતિમ ઈશગ્રંથ છે. તેમાં સમગ્ર માનવો માટે માર્ગદર્શન, આદેશ, નિર્દેશ અને પ્રેરણા છે. તેના પછી કોઈ અન્ય ગ્રંથ માનવ માર્ગદર્શન માટે નહીં આવે. આપણી આંખોથી જે સચ્ચાઈ અદૃશ્ય છે તેને જાણવા અને સ્વીકારવા માટે પવિત્ર કુર્આન આ બ્રહ્માંડમાં ફેલાયેલી કુદરતની નિશાનીઓ અને પ્રમાણો પર ચિંતન-મનન કરવાનું આહ્‌વાન (દાવત) આપે છે અને તેમની આવશ્યકતાઓ અને માંગણીઓ વિષે પણ જણાવે છે.

આ સચ્ચાઈઓનો ઈન્કાર કરવાથી જે નુકશાન થશે, કુર્આન તેનાથી પણ માનવોને અવગત કરાવે છે. એટલા માટે બુદ્ધિ-વિવેક અને ચિંતન-મનન કરવાની યોગ્યતા ઈશ્વરે કેવળ મનુષ્યને જ આપી છે. મનુષ્ય માટે આ ખૂબજ મોટી કસોટીની પળ છે કે તે પોતાની બુદ્ધિ, વિવેક અને યોગ્યતા દ્વારા કેવળ પોતાની શારીરિક જરૂરતોને પુરી કરે છે જેમકે ખાવું-પીવું, રહેણી-કરણી વગેરે અથવા પોતાના જીવનના બુનિયાદી પ્રશ્નો અને અંજામ વિષે ચિંતન-મનન કરીને સાચા પરિણામ સુધી પહોંચે છે.

આ લેખોનું અધ્યયન કરનારા વાંચકોથી મારી યાચના છે કે તેઓ પોતાના મન-મસ્તિષ્કને રૂઢીવાદી વિચારોથી, કોઈ પ્રકારના ઈર્ષાભાવથી અલિપ્ત રાખીને

ઉદારતાપૂર્વક નિષ્પક્ષ રીતે ચિંતન-મનન કરે. એ વાત અવશ્ય વિચારે કે મૃત્યુ પછી હંમેશાનું જીવન, સ્વર્ગ-નર્ક બધું સત્ય હોય અને મેં આ સંસારનું જીવન પરલોકના જીવનની ઉપેક્ષા કરીને વ્યતીત કર્યું તો મારું પરિણામ શું આવશે ?

આ લેખોનું અધ્યયન કર્યા પછી કોઈ વાંચક આનાથી સંમત હોય, તો મૃત્યુ પછી જીવન અને પોતાના કર્મો બાબત ઈશ્વર સમક્ષ ઉત્તરદાયિત્વની ધારણાનો સ્વીકાર કરવામાં કોઈપણ ચીજને અવરોધરૂપ ન બનવા દેવી જોઈએ. કેમ કે કોઈ વાસ્તવિકતાનો અસ્વીકાર કરવાથી સત્ય બદલાઈ જતું નથી અને ઈન્કારનું પરિણામ કોઈ ભયાનક નુકશાનના સ્વરૂપે સામે આવશે.

એક ઈશ્વર જે નિરંજન, નિરાકાર અને સર્વશક્તિમાન છે, તે સર્વવ્યાપી અલ્લાહને માનવું અને તેના સમક્ષ પરલોકના જીવનમાં પોતાના આલોકના કર્મોનો હિસાબ આપવાની જવાબદારી સ્વીકારવી તે તેના ઉપર દૃઢ વિશ્વાસનો તકાદો છે. જેને જાણવા, સમજવા અને સામૂહિક જીવનમાં પૂરા કરવા જરૂરી છે. જો આ તકાદા પૂરા ન થાય તો માનવું કે ન માનવું એ ખોટું અને વ્યર્થ હશે. સવિશેષ ઈશ્વરે પોતાનો સંદેશ અને સમગ્ર જીવન માટે માર્ગદર્શન જે ઈશદૂતો અને મહાપુરૂષોને તેમજ અંતિમ ઈશદૂત હઝરત મુહમ્મદ (સલ્લ.) ઉપર અવતરિત કર્યો તેમને અને અંતિમ ઈશગ્રંથ કુર્આનને માનવું જરૂરી છે.

અમને આશા છે કે પ્રિય વાંચકોને આ પુસ્તકના અભ્યાસથી જીવનની આ મૂળભૂત અને મહત્ત્વની સચ્ચાઈને સમજવા અને ગ્રહણ કરવા તેમજ તેના વિશે નિર્ણય કરવામાં સહાયતા મળશે.

મુહમ્મદ ઈકબાલ મુલ્લા
મંત્રી, જમાઅતે ઈસ્લામી હિંદ
નવી દિલ્હી-૧૧૦૦૨૫

વર્તમાન જીવન પછી શું ?

❖ મુહમ્મદ ઝૈનુલ આબિદીન મન્સૂરી ❖

આપણો દેશ એક ધર્મપ્રધાન દેશ છે. અહીં પ્રાચીન સમયથી જ ધર્મ પોતાના વિભિન્ન સ્વરૂપોમાં મોજુદ રહ્યો છે. બીજા શબ્દોમાં,ધાર્મિકતા અહીંના સમાજની ખાસ વિશેષતા રહી છે. તેણે દેશના જનમાનસને વિશેષ પ્રભાવિત કર્યું છે.આમ આ એક સ્વયંસિધ્ધ વાસ્તવિકતા છે કે ધાર્મિક મૂલ્યોની માનવજીવનને સદૈવ આવશ્યકતા રહી છે. પરંતુ એ તથ્યને પણ ન ભૂલવું જોઈએ કે સમાજમાં ધાર્મિક માનસિકતા અને ધાર્મિક વિચારધારાઓનું માત્ર અસ્તિત્વ હોવું જ પુરતું નથી. બલ્કે તેમની મૌલિકતાનો પ્રશ્ન મહત્ત્વનો હોય છે. ધાર્મિક મૂલ્યો જેટલા મૌલિક હશે, તેટલા જ પ્રભાવશાળી પણ હશે અને મનુષ્યની નૈતિકતા, તેના સ્વભાવ અને શીલ-ચરિત્રને ઉત્તમ બનાવશે.

ભારતીય સમાજ વિભિન્ન ગંભીર સમસ્યાઓથી ગ્રસ્ત રહ્યો છે. આજે આ સમસ્યાઓમાં વૃધ્ધિ થતી જઈ રહી છે. આના મુખ્ય કારણ મૌલિક ધાર્મિક મૂલ્યોનો ઉપહાસ અને ભૌતિકવાદી સંસ્કૃતિનું ખુલ્લેઆમ આક્રમણ છે. કેટલાક અત્યંત સ્વાર્થી લોકોએ પોતાના ઘૃણાસ્પદ ઉદ્દેશ્યોની પૂર્તિ કાજે સામાન્યજનમાં વિવિધ પ્રધારની કૃત્રિમ સમસ્યાઓ પેદા કરી દીધી છે. જે ભયાનક રૂપ ધારણ કરી રહી છે. તેમણે લોકોના મનમસ્તિષ્કને એટલી હદે પ્રભાવિત કરી દીધા છે કે તેમના જીવનમાં સ્વછંદતા, અનિષ્ટો અને મનેચ્છાઓનો ફેલાવો થતો જઈ રહ્યો છે. પરિણામ સ્વરૂપે લોકોમાં ઈશ્વર પ્રતિ જેવી નિષ્ઠા અને ભક્તિ તથા બંદગી હોવી જોઈએ, તેનો અભાવ થઈ ગયો છે. આ ભક્તિ બહારના દેખાવ પુરતી સીમિત થઈ ગઈ છે અને મનુષ્ય જુદા જુદા પ્રકારની સંકીર્ણતાઓનો શિકાર થતો જઈ રહ્યો છે. તે ભૌતિકતાનું હરતું ફરતું મશીન બની ચૂક્યો છે. તે સાચી કે ખોટી રીતે, કોઈપણ સ્વરૂપે આ જગતમાં કમાઈ લેવા માંગે છે. તેનામાં પરલોકના જીવનની કલ્પના નથી જોવા મળતી અને ઉત્તરદાયિત્વની ભાવના પણ જોવા મળતી નથી, જેવી માનવીને પોતાના સર્જનહાર પ્રત્યે હોવી જોઈએ. પરલોકના જીવનની કલ્પના જો ક્યાંક દેખાય પણ છે તો તે અવાસ્તવિક, કૃત્રિમ અને કાલ્પનિક હોવાના કારણે પોતાનો પ્રભાવ ઉભો કરી શકતી નથી.

પરલોકના જીવનને નકારવાના દુષ્પરિણામ :

આ જીવન પછીના નવજીવનની ધારણાને નજરઅંદાજ કરવાથી અનેક પ્રકારના ચારિત્રિક વિકાર મનુષ્યમાં જન્મ લે છે. તેનું વ્યક્તિત્વ સંકુચિત અને વિકૃત થઈ જાય છે. તે મૂલ્યો, મર્યાદા અને નૈતિકતાની પરવા નથી કરતો. જેથી તે નેકી અને ભલાઈના સત્કર્મો કરવા તૈયાર નથી થતો. તેનું દરેક કાર્ય વ્યક્તિગત લાભ-હાનિ પર નિર્ધારિત થઈ જાય છે. તેને બુરાઈ, નિર્લજ્જતા અને ભ્રષ્ટ રીતરસમો અપનાવવામાં કોઈ સંકોચ નથી થતો. આ રીતે સમાજ વિવિધ પ્રકારના દુષ્કૃત્યો, સમસ્યાઓ અને વિકારોથી ભરાઈ જાય છે. વર્તમાન સમાજની આ દુર્દશા આજે આપણા સામે છે.

આજે માનવોની મોટી જનસંખ્યા પોતાના કાર્યો પ્રતિ બેપરવા અને જવાબદારીથી અલિપ્ત થઈ ગઈ છે. તે એ વાસ્તવિકતાથી અનભિજ્ઞ છે કે આ વર્તમાન જીવન પછી આવનારા જીવનમાં તેણે પોતાના તમામ કર્મોનો હિસાબ જગતના સ્વામી સર્વશક્તિમાન ઈશ્વરને આપવો પડશે. જો તેના કર્મ સારા હશે તો તેને પુરસ્કાર મળશે અને તે સ્વર્ગને પાત્ર બનશે અને જો તે આ જગતની બુરાઈઓ લઈને ગયો હશે તો તેને દંડ ભોગવવો પડશે અને નર્કના ભાગીદાર બનવું પડશે. પરલોકના જીવનની આ મૌલિક ધારણા ન માત્ર મનુષ્યનું માર્ગદર્શન કરે છે, તેનામાં સ્વચ્છ આચરણ અને ચરિત્ર પેદા કરે છે, બલ્કે આ સૃષ્ટિની રચનાનો ઉદ્દેશ્ય, વાસ્તવિક ન્યાય અને ઈશ્વરની તત્ત્વદર્શિતાનો તકાદો પણ એ જ છે કે પ્રત્યેક કર્મનું યથાયોગ્ય પરિણામ અવશ્ય મળે.

જ્યારે મનુષ્ય પોતાના સર્જનહાર પ્રત્યે કૃતજ્ઞ નહીં બને, તેના પ્રત્યે પોતાના કર્મોના સંબંધે જવાબ આપવાથી અજાણ અને અસાવધાન રહેશે તો સ્પષ્ટ છે કે તે નેકી, ભલાઈ અને કલ્યાણના કામોથી દુર થઈ જશે અને પછી તે જે પણ કર્મ કરશે તેનાથી બીજાઓને કષ્ટ અને ગેરલાભ થશે અને સ્વયં તેના માટે દુઃખદ, હાનિકારક અને અમંગળ હશે.

માનવજીવનના વિકાર :

પરલોકના જીવનની ખરી, મૌલિક, વાસ્તવિક અને સુદૃઢ ધારણાના અભાવના કારણે મનુષ્યનું જીવન અનેક સમસ્યાઓ અને વિકારોથી ગ્રસ્ત થઈ જાય

છે. જ્યારે માનવીના મનમાં એ ભાવના નથી રહેતી કે તેણે પોતાના કર્મો વિષે સર્વશક્તિમાન પ્રભુ સમક્ષ જવાબ આપવાનો છે, તેનામાં પોતાના કાર્યોના આચરણ સંબંધે ઈશભય જોવા મળતો નથી, તો તે સ્વછંદી બની જાય છે અને સ્વતંત્ર રીતે જે મનમાં આવે તે કરે છે. વૈદ્ય-અવૈદ્ય, ઉચિત-અનુચિત અને મર્યાદિત-અમર્યાદિતની કોઈ પરવા નથી કરતો. ત્યાં સુધી કે માનવ સંપત્તિ અને પ્રાણ સુધ્ધાં સાથે રમત રમતાં કોઈ સંકોચ કરતો નથી.

ઈશપરાયણતા અને પરલોકવાદ તેમજ કર્મફળની સાચી ધારણાના અભાવે તે પોતાના ગંદા સ્વાર્થમાં આંધળો થઈને નિર્દોષ લોકો અને નવજાત શિશુઓ સુધ્ધાંની હત્યાઓ કરી નાંખે છે. તેમના માલ સંપત્તિને લૂંટી લે છે અને વેરવિખેર કરી નાંખે છે. મહિલાઓ અને બાળાઓને પોતાની હવસનો શિકાર બનાવે છે અને તેમના ઉપર જાતજાતના અત્યાચાર કરીને પોતાની નિષ્ઠુરતાનું પ્રદર્શન કરે છે. તે લોકોના હક મારી ખાય છે, દારૂ, જુગાર, વ્યાજ, અશ્લિલતા, વ્યભિચાર નગ્નતા અને નિર્લજ્જતાનો વેપાર ફેલાવીને લોકોની શારીરિક અને માનસિક ક્ષમતાઓને કુંઠિત કરી નાંખે છે. તેમના સ્વમાનને પાયમાલ કરીને અને પોતાના અહંકારનું તુષ્ટિકરણ કરીને ખુશ થાય છે. તેમના સાથે ઉચિત અને ન્યાયપૂર્ણ વ્યવહાર નથી કરતો.

આમ તેમને દલિત, શોષિત બની રહેવા વિવશ કરે છે. તેમના દુઃખ-દર્દ અને ચીસો-પોકારો તેમજ નિઃસહાયતાની હાલત ઉપર તરસ નથી ખાતો અને ન જ સહાનુભૂતિ બતાવે છે. આ રીતે હિંસા, ઉપદ્રવ, અત્યાચાર, અનાચાર અને અન્યાયનો ક્રમ ચાલતો રહે છે. આ તમામ વાતોને ઉચિત સાબિત કરવા અને વિરોધ-આપત્તિને અમુક હદ સુધી નકારાત્મક બનાવી દેવા માટે એ અફસોસજનક વાત પણ કહેવામાં આવે છે કે આ બધું નિયતિ છે અને પૂર્વજન્મના કર્મોની સજા મળી રહી છે. પછી સમાજ કેટલો અમાનવીય અને કલ્યાણહીન બની જાય છે.

પરલોકના જીવનને માનવાના લાભો :

તેનાથી વિપરિત પરલોકને મૌલિક સ્વરૂપે માનવાથી મનુષ્યનાં ચરિત્રમાં નિખાર આવે છે અને તે સુધરે છે. તે ભલાઈના અને નેકીના કામો કરે છે. કોઈનો હક મારી નથી ખાતો અને ન કોઈના ઉપર જુલ્મ-અત્યાચાર કરે છે. તે બધાનું હિત, લાભ અને કલ્યાણ ઈચ્છે છે અને જે પોતાના માટે પસંદ કરે છે તે જ બીજાઓ માટે

પણ પસંદ કરે છે. તે વર્તમાન જીવનની ભૌતિક સુખ-સમૃધ્ધિની લાલસા નથી રાખતો. અને ન તો આ દુનિયાને સર્વસ્વ સમજે છે. તેની દૃષ્ટિ વ્યાપક બની જાય છે. જેથી તે ક્ષણિક અને તાત્કાલિક ફાયદાઓને જ બધું ન માનીને વર્તમાન જીવન પછીના બીજા જીવનના સ્થાયી સુખ-શાંતિ, સંતોષ અને સફળતાનો અભિલાષી હોય છે. તેના માટે તે ભલાઈ અને સદાચારના કામ કરે છે. બુરાઈ, અત્યાચાર, અન્યાય, દુરાચાર અને અશ્લિલતાથી દુર રહે છે.

પરલોક ઉપર શ્રધ્ધા ધરાવનાર મનુષ્યમાં ઉત્સાહ અને સાહસનો વિકાસ થાય છે. નિરાશા અને કાયરતા તેના સમીપ જતા નથી. તેનો ઈશ્વર ઉપર પૂર્ણ વિશ્વાસ હોય છે. તે પરલોકની સફળતા અને કાયમી ખુશી પ્રાપ્ત કરવા માટે દુનિયાના સંકટો અને સમસ્યાઓનો સહજતા અને સરળતાથી મુકાબલો કરે છે. તે આ જીવનની સમસ્યાઓમાં એટલો નથી ગૂંચવાતો કે કર્તવ્યથી વિમૂખ થવા લાગે. બલ્કે તે દરેક પરિસ્થિતિનો મક્કમતાથી સામનો કરે છે. તે હિંમત નથી હારતો. દુનિયાની નિષ્ફળતા તેને હતાશ નથી કરતી, તે સમસ્યાઓથી ગભરાઈ જઈને, નિરાશ થઈ જઈને કે હૃદયભગ્ન થઈને આત્મહત્યા નથી કરતો. બલ્કે સત્યનિષ્ઠા સાથે પોતાના કર્તવ્યપાલનમાં વ્યસ્ત રહે છે, કેમ કે તેને વિશ્વાસ હોય છે કે આ પ્રતિકૂળ પરિસ્થિતિઓ, સંજોગો આ સાંસારિક જીવનની જેમ સમય પુરતી, અસ્થાયી અને સીમિત છે. સત્યનિષ્ઠ જીવનના આનંદદાયક અને કાયમી ફળ અને અનંત પરિણામ તો પરલોકમાં સ્વર્ગરૂપે મળશે જ.

તેને સારી રીતે ખબર હોય છે કે પરલોકના જીવનની સફળતા એ વાત ઉપર નિર્ભર છે કે દુનિયામાં બગાડને બદલે બનાવ પેદા કરે, અશાંતિ અને અત્યાચારની જગ્યાએ શાંતિ અને સલામતીનું વાતાવરણ બનાવે તેમજ વિશ્વને બદીઓ અને વિકારોથી મુક્ત કરવામાં પ્રમુખ ભૂમિકા ભજવે. નિર્ધન, અશક્ત અને જરૂરતમંદોની સહાય કરે, ભલે તે ગમે તે ધર્મ, જાતિ કે સંપ્રદાયથી સંબંધ ધરાવતા હોય. પરલોક ઉપર શ્રધ્ધા ધરાવતો વ્યક્તિ પ્રત્યેક અત્યાચાર, જુલ્મ, વિકાર અને દુરાચારને સમાપ્ત કરવા કાજે પ્રયાસ કરતો રહે છે. સાથે નેકી અને ભલાઈના કામોમાં અગ્રસર રહે છે. તે માટે આવશ્યક હોય તો પોતાના ધન ને પ્રાણની આહુતિ પણ આપી શકે છે. આમ સદ્ગુણો અને સદ્વિચારોના આધારે જે સમાજનું નિર્માણ થશે તે સહજતાપૂર્વક

બુરાઈઓ અને જુલ્મ ને શોષણથી મુક્ત હશે. તેના લોકોમાં પરસ્પર સહાનુભૂતિ, દયા અને સહયોગની ભાવના બળવત્તર રહેશે. બલ્કે તેઓ બીજાની જરૂરતોને પોતાના ઉપર પ્રાધાન્ય આપશે. તેમનામાં ઘમંડ, દંભ અને અહંકાર નહીં હોય. તેવા લોકોમાં ઈશભય છવાયેલો દેખાશે, જેના કારણે બીજા તમામ અનુચિત ભય અને ડર તેમના મનમાંથી નીકળી જશે. આમ તેઓ નિર્ભય થઈને ઈશ્વરીય માર્ગે ચાલતા રહેશે. આ બધું એટલા માટે થશે કે તેઓ સમજે છે કે પરલોકનું જીવન ઈશ્વર આધિન છે. આ રીતે મનુષ્ય અંધકારમાંથી પ્રકાશમાં આવી જાય છે અને સદાચાર તેમજ ભલાઈઓના કામોમાં જોડાયેલા રહીને પોતાના આલોક-પરલોકને સફળ બનાવી દે છે.

ઈસ્લામમાં પરલોકના જીવનની ધારણા :

ઈસ્લામમાં પરલોક (આખિરત)ની ધારણા તેના આધાર સ્તંભોમાંથી એક છે. પરલોકનો આલોક સાથે ગાઢ સંબંધ છે. પરલોક આ દુનિયાનું વિસ્તૃતરૂપ છે. આપણને અહીં જે ખોટ દેખાઈ રહી છે, તે ત્યાં પુરી કરી દેવામાં આવશે. વસ્તુઓ અહીં છુપાયેલી છે, ત્યાં છુપાયેલી નહીં રહે. મનુષ્યને આ દુનિયામાં પોતાના સારા-નરસા કાર્યોનો પુરેપુરો પુરસ્કાર કે દંડ નથી મળી શકતો, મનુષ્યના ખોટા-ખરા કર્મોનો પ્રભાવ તેના જીવન સાથે સમાપ્ત નથી થઈ જતો, બલ્કે સદીઓ સુધી તેના કર્મોનો સારો કે ખરાબ પ્રભાવ પડતો રહે છે.

એક વ્યક્તિએ માનવ સમાજને શિક્ષણ અને સંસ્કાર આપ્યા, તો તેનો પ્રભાવ લાંબાગાળા સુધી રહેશે. એ જ રીતે એક વ્યક્તિએ માનવ સમાજને ખોટી દિશા આપી અને અત્યાચાર કર્યો, તો તેનો દુષ્પ્રભાવ પણ લાંબાગાળા સુધી છવાયેલો રહેશે. એટલા માટે સત્કર્મોનું મૂલ્યાંકન અને દુષ્કર્મોના આંકલન માટે આવશ્યક છે કે કર્મોના તમામ પ્રભાવોને જોવામાં આવે અને તેના પ્રમાણો એકઠા કરવામાં આવે અને અપરાધીઓને તે તમામ લોકોના સામે દંડનો આદેશ સંભળાવવામાં આવે, જેમને તેના કર્મોના કારણે કોઈ પ્રકારનું નુકશાન થયું હોય. આવો સંપૂર્ણ ન્યાય આ સંસાર અને આ સીમિત ને નશ્વર જીવનમાં મળવો સંભવ નથી, જેથી સંપૂર્ણ અને નિષ્પક્ષ ન્યાય માટે પરલોકનું હોવું આવશ્યક છે.

ઈસ્લામની ધારણા છે કે મનુષ્યનું આ જીવન તેની કસોટીનો સમય છે. આ જગત નશ્વર છે, જેનો એક દિવસ નાશ થવો નિશ્ચિત છે. શાશ્વત જીવન તો પરલોકનું

જીવન છે. જો મનુષ્ય એકેશ્વરવાદ, ઈશદૂતત્ત્વ અને પરલોકના જીવનની મૌલિક ધારણાઓને માને છે અને જીવનમાં ઈશ્વરના આદેશોનું પાલન કરે છે, નેકી અને ભલાઈના કામો કરતો રહે છે, તો તેના માટે પરલોકમાં સારો બદલો છે, તેને સ્વર્ગ (જન્નતં) પ્રાપ્ત થશે, જ્યાં તેને અનંત જીવન ભોગવવા મળશે, જે સુખ શાંતિ અને સુવિધાથી પરિપૂર્ણ હશે. તેનાથી વિપરીત ખરાબ કાર્યો કરનારા નર્ક (જહન્નમ)ની યાતના ભોગવશે. વાસ્તવિકતા એ છે કે મનુષ્યનો જેવો કંઈ પ્રયાસ હશે, જેવું તેનું ચરિત્ર અને કર્મ હશે, તેવું ફળ તેને મળીને જ રહેશે. પરલોકમાં મનુષ્ય પોતાના કર્મને છુપાવી નહીં શકે. તેનું તમામ કર્યું-કરાવ્યું સામે આવી જશે. તે દિવસે મનુષ્યના કાન, આંખો, ચામડી, જીભ અને હાથ-પગ સુધ્ધાં તેના કર્મોની સાક્ષી આપશે. ઈશ્વરના ન્યાયાલયમાં અપરાધી સ્વયં પોતાના અપરાધનો સ્વીકાર કરશે અને તેમને પોતાના કાર્યો ઉપર પછતાવો થશે. તેઓ ઈચ્છશે કે તેમને ફરીવાર દુનિયામાં મોકલી દેવામાં આવે અને તેઓ સારા કર્મો કરીને આવે. પરંતુ તેવી તક નહીં મળે, કેમકે કસોટીકાળ (સાંસારિક જીવન) સદૈવ માટે સમાપ્ત થઈ ગયો હશે અને પરલોકના જીવનની ઈશ્વરીય અદાલતમાં કોઈપણ તેમની કોઈ પ્રકારે સહાયતા નહીં કરી શકે. કોઈ સગા-સંબંધ કામમાં નહીં આવે. કોઈ મિત્ર કોઈને કામ નહીં લાગે. તેઓ પણ કોઈની કશી સહાય નહીં કરી શકે, જેમને દુનિયામાં ઈશ્વરના ભાગીદાર સમજીને ભજવામાં આવતા હતા અને જેમનાથી જાતજાતની આશા અપેક્ષા રાખવામાં આવી હતી. કોઈપણ બીજાનો બોજ ઉઠાવશે નહીં. દરેકને તે દિવસે માત્ર પોતાની જ ચિંતા હશે. તે દિવસે પ્રત્યેક વ્યક્તિ સામે તેના કર્મોનો હિસાબ-કિતાબ મૂકી દેવામાં આવશે. કુર્આન સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે મનુષ્યના કર્મોની દેખરેખ અલ્લાહના આદેશથી જ થઈ રહી છે.

ઈશ્વરની અદાલતમાં દરેકના વિષે જે ચૂકાદો આપવામાં આવશે તે તદ્દન ન્યાયસંગત હશે. કોઈનો કોઈ હક્ક મારવામાં નહીં આવે. દરેકને તેવો જ બદલો મળશે જેવા તેણે કર્મ કર્યા હશે. તે દિવસે ન્યાયનું ત્રાજવું મોટું હશે. જેની નેકીના પલ્લાં ભારે હશે તે જ સફળ થશે અને સ્વર્ગમાં જશે અને જેમના પલ્લાં હલ્કા હશે તે નર્કમાં જશે.

કોઈપણ મનુષ્ય પોતાનું અહિત અને નુકશાન નથી ઈચ્છતો. તેના મૂળ

સ્વભાવમાં છે કે તે ઈશ્વરનો આજ્ઞાંકિત બને, સન્માર્ગ ઉપર ચાલે, પરંતુ જ્યારે તે પોતાના આ મૂળ સ્વભાવને પોતાની મનેચ્છાઓ, આકાંક્ષાઓ, આંધળા સ્વાર્થો અને બાહ્ય પરિબળોના આધિન દબાવી દે છે. તો તે પોતાના અહિત અને નુકશાન તરફ સહજતાથી આગળ વધતો જાય છે. તેનું જીવન કુદરતી મૌલિક ગુણો, નૈતિકતા, ચરિત્ર અને ધાર્મિક મૂલ્યો તેમજ મર્યાદાઓથી ધીરેધીરે ખાલી થતું જાય છે અને જાતજાતની બુરાઈઓ અને વિકૃતિઓ અને બદીઓ તેની જગા લઈ લે છે.

આજે મનુષ્યના જીવન અને સમાજમાં જે ખરાબીઓ અને વિકૃતિઓ જોવા મળે છે, જેનો ઉલ્લેખ આ લેખના આરંભમાં કરવામાં આવ્યો છે. તેનું મોટું કારણ ઈશભય અને પરલોકના જીવનની સાચી ધારણા પ્રતિ લાપરવાહી, અસાવધાની અને નિશ્ચેતના છે. આવો ! આપણે પોતાના જીવનમાં ધર્મની મૌલિક ધારણાઓને અપનાવીને તેને સુધારીએ, શણગારીએ. આ પ્રકારે આલોક-પરલોકમાં સફળતા અને માન-સન્માન સાથે વર્તમાનમાં પણ આપણું, આપણા સમાજનું અને આપણા દેશનું નવનિર્માણ થશે અને માનવતાનું ગૌરવ અને સન્માન પણ વધશે.

-❖-

કર્મ, પુનર્જીવન અને ઈસ્લામ

❖ ડૉ. મુહમ્મદ અહમદ ❖

મીડિયાના વિભિન્ન માધ્યમોમાં દરરોજ એ આશયની ચીજો આવતીરહે છે કે અમૂક છોકરો-છોકરી અર્થાત્ ભિન્ન આયુ-વર્ગના સ્ત્રી-પુરૂષ પોતાના પૂર્વજન્મની ઘટનાઓ અને વૃત્તાંતોથી પરિચિત છે. એક ટી.વી. ચેનલ ભાવિ પરિણામોની પરવા કર્યા વગર વ્યવસાયિક ધોરણે પૂર્વજન્મ અને મૃત્યુપર્યંત જન્મ સુદ્ધાંના વિષે જાણકારીનો દાવો કરીને પોતાના શ્રોતાઓની સંખ્યા વધારવા લાગી ગઈ. એ દાવો પણ કરવામાં આવે છે કે વર્તમાનની અમુક વ્યક્તિ અમુક વ્યક્તિત્વનો 'પુનર્જન્મ' છે અને એ આધારે એવું પણ થયું છે કે સંપત્તિમાં ભાગ પણ માંગવામાં આવ્યો. આ 'આયોજન' સ્વપ્રચારનું માધ્યમ પણ બનતું રહ્યું છે. પરંતુ આ અવધારણા જીવનના ઉત્થાનમાં ગતિરોધ અને સમસ્યાઓ ઉભી કરતી રહી છે. એ પ્રચાર પણ કરવામાં આવે છે કે અમુક વ્યક્તિની દુર્દશા તેના પૂર્વજન્મનું ફળ છે, જેથી તેને ભોગવવું જોઈએ. વેદોમાં જન્મ જન્માન્તરની ધારણા અને આવાગમન પુનર્જન્મનો ઉલ્લેખ જોવા નથી મળતો. આ અવધારણાનો પ્રવેશ હિન્દુ ધર્મદર્શનમાં પાછળના યુગમાં થયો છે. મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન આના ઔચિત્ય ઉપર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે અને લખે છે કે આનું અસ્તિત્વ સામાજિક અત્યાચારને ઢાંકી દેવા માટે છે. "આલોકમાં આવીને ફરી જન્મવું (પુનર્જન્મ) તો પીડિત વર્ગ માટે વધારે ખતરનાક ચીજ છે. તેમાં એટલું જ નથી કે આજના દુઃખોને ભુલી જાઓ, બલ્કે તે સાથે એ પણ બતાવવામાં આવ્યું છે કે અહીંની સામાજીક વિષમતાઓ ન્યાયોચિત છે, કેમકે તમારી જ પાછલા જન્મની 'તપસ્યાઓ' (દુઃખો, સંતાપો, અત્યાચારપૂર્ણ વેદનાઓ)ના કારણે સંસાર આવો બન્યો છે. આ વિષમતા વગર તમે પોતાના આજના કષ્ટોનો ઉપહાર નથી પામી શકતા." ('દર્શન- દિગ્દર્શન', કિતાબ મહલ સંસ્કરણ ૧૯૯૨, પૃષ્ઠ ૪૦૩)

વિખ્યાત સંત સ્વામી પદ્મનજી અને સ્વામી મહેશ્વરાનંદએ ૮૪ લાખ યોનિઓમાં કર્મના આધારે પરિભ્રમણને ખોટું ઠેરવ્યું છે અને લખ્યું છે કે આનો કોઈ તાર્કિક ઉત્તર નથી. વિખ્યાત ચિંતક ડૉ. એમ.એન. રાયના વિચારો છે કે "પુનર્જન્મનો સિદ્ધાંત સમાજમાં નિયતિવાદને જન્મ આપે છે અને મનુષ્યને નિષ્ક્રિય અને પૌરુષહિન

બનાવી દે છે." (Indian Message P.14-151) પંડિત મંગલદેવ (તડિત્‌કાંત) વેદાલંકારે 'યમ ઔર પિતર' નામક પોતના પુસ્તકમાં પ્રચલિત પુનર્જન્મની માન્યતાનું ખંડન કર્યુ છે. અન્ય વિદ્વાનો (ડૉ. રાધાકૃષ્ણન, સત્કામ વિદ્યાલંકાર વગેરે) એ જ્યારે પણ આ અવધારણાને બુદ્ધિ અને વિવેકની કસોટી ઉપર ચકાસ્યું તો તે સાચી ન દેખાઈ. પુનર્જન્મનો દાવો કરનારા અનેક મામલાની ઊંડી તપાસ કરનારા અમેરિકાના વરિષ્ઠ અધ્યયનકર્તા ડૉ. આઈન સ્ટીવેંસન (વર્જીનીયા યુનિવર્સિટી) એ 'Children who remember privious lives' નામક જે પ્રખ્યાત પુસ્તક લખ્યું, તેમાં તેઓ કોઈ એવા નિષ્કર્ષ પર ન પહોંચી શક્યા કે અમુક ઘટનાઓ તર્ક, બુદ્ધિ અને વિવેકની કસોટી ઉપર ખરી ઉતરી હોય અને તેનાથી આત્મા અને આવાગમન પુનર્જન્મની માન્યતાને પુષ્ટિ મળતી હોય.

જ્યારે આને પારખવામાં આવ્યું :

આપણા દેશ ભારતમાં અત્યાર સુધી ઘણા વિદ્વાનોએ આ વિષય ઉપર બૌદ્ધિક રીતે અમુક કહેવાતા પુનર્જન્મના દાખલાઓનું અધ્યયન કર્યુ છે. રાય બહાદુર શ્યામ સુંદરલાલ, કે.કે. એન. સહાય, તારાચંદ માથુર, ડૉ. એમ.સી. બોસ, લાલા દેશબંધુ ગુપ્ત, પ્રો. આજ્ઞેય, ડૉ. કેદાર, ડૉ. કિર્તી સ્વરૂપ રાવત, ડૉ. એલ.પી. મેહરોત્રા, પંડિત નેકીરામ શર્મા વિગેરે વિદ્વાનોએ આ વિષય ઉપર લખ્યું છે, પરંતુ તેમના વિવેચનોથી જે પ્રશ્ન ઉભા થાય છે, તે સ્વયં તેમને વિવેક અને બુદ્ધિની કસોટીથી દુર કરી દે છે.

આત્મા અને આવાગમનયુક્ત પુનર્જન્મની આ માન્યતા ઈસ્લામ, ખ્રિસ્તી, બૌદ્ધ અને અન્ય બીજા ધર્મો કે પંથોમાં જોવા નથી મળતી. આ હિન્દુ ધર્મ અને અમુક પંથોની માન્યતા છે, જેના પ્રતિ જનમાનસને 'વિવશ' કરવાના પ્રયત્નો લાંબા સમયથી કરવામાં આવી રહ્યા છે. અહીં એ પણ ન ભૂલવું જોઈએ કે તેના માટે મનાવી લેવાની કે વિવશ કરવાની જેટલી પણ કોશિશો કરવામાં આવી, તમામમાં નિષ્ફળતા જ સામે આવી. આ માન્યતાને વૈજ્ઞાનિક સત્યતા ઉપર પરખવા અર્થાત તેની પુષ્ટિ મેળવવા માટે ૧૯૬૫ના આસપાસ રાજસ્થાન વિશ્વવિદ્યાલયમાં પરામનોવિજ્ઞાન (માનસશાસ્ત્ર સંબંધી Parapsychology) વિભાગ ખોલવામાં આવ્યો. વરિષ્ઠ મનોવિજ્ઞાની ડૉ.

એમ.એન. બેનર્જીને તેના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા.

ડૉ. બેનર્જી ખૂબ પ્રતિભાશાળી અને સત્ય આધારિત અનુસંધાનના પ્રબળ પક્ષકાર હતા. તેમણે એકસો થી વધારે 'પુનર્જન્મ'ના કહેવાતા તે કેસોને શોધખોળ માટે પોતાના હાથ ઉપર લીધા જેનો ઉલ્લેખ પરામનોવિજ્ઞાની પોતાના પુસ્તકોમાં વારંવાર કરી રહ્યા હતા. અનુસંધાન માટે તેમણે ટીમો બનાવી દીધી. આ ટીમોએ ઘટના સ્થળે (On the spot) જઈને અનુસંધાન કાર્ય પૂરુ કર્યું. ઘણા સ્થળોએ ડૉ. બેનર્જી જાતે ગયાં. દાખલા તરીકે ડૉ. બેનર્જી એક મોટી ટીમ લઈને તુર્કી ગયા. આ ટીમમાં આગળ પડતા ડૉક્ટર અને મનોવૈજ્ઞાનિક પણ શામેલ હતા. મોટી તૈયારીઓ સાથે આ ટીમ તુર્કી રવાના થઈ. ત્યાંના અડાના જિલ્લામાં ૧૯૫૬માં ઈસ્માઈલની કહેવાતી પુનર્જન્મની ઘટનાનો પુનર્જન્મના પક્ષમાં ખૂબ પ્રચાર કરવામાં આવી રહ્યો હતો. અમુક લોકો આ કેસને સૌથી મજબૂત કેસ માનતા હતા. ઈસ્માઈલ જે ગામનો નિવાસી હોવાનો કહેવાતું હતું, ડૉ. બેનર્જીને ન તો તે ગામ મળ્યું અને ન તો ઈસ્માઈલથી મુલાકાત થઈ શકી, જ્યારે કે ઘટના થોડાક જ વર્ષ પહેલાંની બતાવવામાં આવી રહી હતી.

ડૉ. બેનર્જીએ ઘણા પ્રયાસ કર્યા, પણ નિષ્ફળતા જ મળી. તેમણે આ ઘટનાનો ઉલ્લેખ વિસ્તારપૂર્વક પોતાના શોધકાર્યમાં કર્યો છે. હવે આવો, એ પણ જાણી લઈએ કે પુનર્જન્મના જે એકસો કરતાં અધિક કેસોની તેમણે શોધખોળ કરાવડાવી, તેનો નિષ્કર્ષ શું રહ્યો ? સમગ્ર આવાગમનયુક્ત પુનર્જન્મ ટુકડે-ટુકડા થઈ ગયું. એક પણ કેસ સાચો ન નીકળ્યો. ડૉ. બેનર્જીની અમૂક જૂથો દ્વારા તીવ્ર ટીકા થવા લાગી, તેમને પદ ઉપરથી હટાવી દેવામાં આવ્યા અને ૧૯૬૮માં રહસ્યમય રીતે તેમના વિભાગને બંધ કરી દેવામાં આવ્યો.

વૈજ્ઞાનિકતાનો અભાવ :

પુનર્જન્મના મામલાનું પુષ્ટિકરણ હજુ સુધી સંભવ થઈ શક્યું નથી. તેનો વૈજ્ઞાનિક આધાર અપ્રાપ્ત છે. તેનું એક માત્ર કારણ પુનર્જન્મનું ન હોવું છે. ૭ ઓક્ટોબર ૧૯૬૮ના રોજ પ્રસિધ્ધ એક સમાચાર અનુસાર, "મનોવૈજ્ઞાનિકના વિશેષજ્ઞો (Psychologists) એ અમુક કેસોની શોધખોળ કર્યા પછી એ મત વ્યક્ત

કર્યો કે અમુક લોકો જેઓ પોતાના પૂર્વજન્મની વાતોનો ઉલ્લેખ કરે છે, તેઓ ઘણાખરા માનસિક હિસ્ટીરીયાના રોગથી પિડાતા હોય છે. અને આ વાતો તેનું જ પરિણામ હોય છે. જયપુરના માનસિક સારવાર કેન્દ્રના ડૉ. બી.કે. વ્યાસ અને એક અન્ય વિશેષજ્ઞ રતનસિંહનો દાવો છે કે તેમણે અમુક કેસોની સારવાર કરી છે. જેમાં તેમને સફળતા મળી છે. ડૉ. વ્યાસે યુનાઈટેડ ન્યૂઝ ઓફ ઈન્ડિયા સામે ચોખવટ કરતાં કહ્યું કે જે લોકો પૂર્વજન્મની ઘટનાઓનો ઉલ્લેખ કરે છે, તેમની માનસિક સ્થિતિ સાધારણ રીતે સંતુલિત નથી હોતી. આ વધારે પડતા વ્યક્તિગત સમસ્યાઓના કેસ હોય છે. આ લોકો માનસિક અસંતુલનના કારણે કંઈક વિશેષ બનવાના ઈચ્છુક રહે છે. આ પ્રકારે કાલ્પનિક વાર્તાઓ કહેવાથી કંઈક બીજા લાભ પ્રાપ્ત થઈ જાય છે. (હિન્દુસ્તાન ટાઈમ્સ, નવી દિલ્હી)

ડૉ. વ્યાસે પોતાની શોધના સમર્થન માટે અમુક કેસોનું વિવરણ પણ આપ્યું.

દેશમાં પુનર્જન્મનો દાવો કરનારી જે પણ ઘટનાઓ સામે આવી છે, તેના પાત્રો ક્યાં તો માનસિક રોગમાં ગ્રસ્ત રહ્યા અથવા કોઈ લાભ મેળવવા કાલ્પનિક વાર્તાઓ ઘડવામાં આવી અને લખી દેવામાં આવ્યું કે અમૂક જગ્યાએ પુનર્જન્મનો બનાવ બન્યો છે. આવીજ એક ઘટનાનો ઉલ્લેખ કરતાં ડૉ. એલ.પી. મેહરોત્રા લખે છે કે, આ ઘટના એક એવા બાળકથી સંબંધિત છે, જેની બહેનને પૂર્વજન્મની સ્મૃતિઓ હતી અને જેના કારણે તેને પોતાની બહેનથી ઈર્ષા થઈ ગઈ અને તે પોતાને મહાત્મા ગાંધીનો મૃતાત્મા કહેવા લાગ્યો. આ બાળકે ગાંધીજીનું જીવનચરિત્ર એક પુસ્તકમાં વાંચ્યુ હતું અને તેના આધારે તેમના સંબંધે બોલવા લાગ્યો. જ્યારે લોકોએ સાંભળ્યું કે ગાંધીજીનો પુનર્જન્મ થઈ ગયો છે તો મોટી સંખ્યામાં લોકો તે બાળકને મળવા આવવા લાગ્યા. કોંગ્રેસના મોટા મોટા નેતાઓ પણ ત્યાં ગયા એટલે સુધી કે સુશીલા નય્યર પણ ગયા. આ બધાથી તે બાળકને ખૂબ પ્રસિદ્ધિ મળી, પણ અંતે તેની પોલ ખુલી ગઈ અને તેનું જૂઠ ઉઘાડું પડી ગયું.

ન્યાયાલયનો ઐતિહાસિક નિર્ણય :

આત્માના પુનર્જન્મ અને જન્મજન્માંતર ઉપર પ્રતિષ્ઠિત લેખિકા સોમા સબલોકે ૧૯૭૮માં 'આત્મા ઔર પુનર્જન્મ' પર એક લેખ લખ્યો જેમાં તેમણે

આવાગમન પુનર્જન્મની સત્યતાને તર્ક અને વિજ્ઞાનની કસોટી ઉપર પરખીને રદ કરી દીધી હતી.

આ લેખિકા સામે કોર્ટમાં કેસ થયો. અરજદારે દિલ્હીની તીસહજારી કોર્ટમાં એમ કહ્યું હતું કે ઉપરોક્ત લેખ ધર્મ-વિશેષની આસ્થા ઉપર પ્રહાર કરે છે અને જનભાવનાઓને ઉશ્કેરે છે. અદાલતે આ મામલાના તમામ પાસાઓનો અભ્યાસ કરીને ૨ ડીસેમ્બર ૧૯૮૩માં આ અપીલને રદ કરી નાંખતા પોતાના ચુકાદામાં કહ્યું કે, વિજ્ઞાનના આ યુગમાં આત્માનું અસ્તિત્વ અને પુનર્જન્મના સિધ્ધાંત ઉપર શંકા અને વાંધો રજૂ કરવાનો પ્રત્યેકને અધિકાર છે. કેમકે આવું કરવું વૈજ્ઞાનિક અને સુધારાવાદી વિચારસરણી પેદા કરવાની દિશામાં આગળ વધવું છે. જેના માટે ભારતીય બંધારણની કલમ ૫૧(અ)માં નિર્દેશ આપવામાં આવ્યા છે. આ જ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને લેખિકાએ આ લેખ દ્વારા વાંચકોને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો છે. આ વાત ખૂબ દુઃખ સાથે કહેવી પડે છે કે આવો પ્રયાસ કરવા બદલ લેખિકા ઉપર હિન્દુઓની ધાર્મિક ભાવનાઓને આઘાત પહોંચાડવાનો આરોપ લગાડવામાં આવ્યો છે અને તેમને ઘણા વર્ષો સુધી મુકદ્દમા (કોર્ટકેસ)નો સામનો કરવાનું કષ્ટ વેઠવું પડ્યું. આ લેખ સત્યશોધની દિશામાં એક પ્રયત્ન છે અને એમ ન કહી શકાય કે તેને લખીને હિન્દુઓની ધાર્મિક ભાવનાઓને જાણી જોઈને આઘાત પહોંચાડવાનું કામ કરવામાં આવ્યું છે. ખ્રિસ્તી, ઈસ્લામ, બૌદ્ધ અને બીજા અનેક ધાર્મિક મત છે જે આત્મા અને પુનર્જન્મના સિદ્ધાંતને માનતા નથી.

અમુક સાહજિક પ્રશ્નો :

આમ જન્મ-જન્માન્તરવાદ અને આવાગમનીય પુનર્જન્મના પક્ષમાં કોઈ વૈજ્ઞાનિક, બૌદ્ધિક અને વ્યવહારિક તથ્યો પ્રાપ્ત નથી થતાં. આનાથી વિપરિત સાહજિક રીતે અમુક પ્રશ્નો ઉભા થાય છે.

- મનુષ્યના સત્કર્મો-દુષ્કર્મો પર પુરસ્કાર અને દંડ મળવો એ પ્રકૃતિની માંગ છે. જેની પૂર્તિ કોઈ જીવ-જંતુમાં મનુષ્યના રૂપાંતરથી સંભવ નથી. વળી આ પ્રચલિત માન્યતાથી એ ખબર નથી પડતી કે તે કયા સત્કર્મ-કુકર્મનું ફળ ભોગવી રહ્યો છે. એટલા માટે એવી વ્યવસ્થા હોવી જોઈએ જેમાં મનુષ્યને

એવું પુનર્જીવન પ્રાપ્ત થાય જે આવાગમનથી મુક્ત હોય, બલ્કે તેના કર્મોની તેને જાણ થાય અને બોધ સ્વરૂપે ઉચિત ફળ મળે. ઈસ્લામની પારલૌકિક ધારણામાં આની વ્યવસ્થા છે.

- સાચા ન્યાય માટે પરલોકનું જીવન અનિવાર્ય છે.
- આવાગમનયુક્ત પુનર્જન્મની માન્યતા અનુસાર પશુ, પક્ષી, વનસ્પતિઓ વગેરે મનુષ્યના પાપકર્મના પરિણામ છે. તો શું તેનો અર્થ એમ થાય કે માનવજીવન માટે લાભદાયક આ ચીજોને વધારવા માટે પાપકર્મ ખૂબજ કરવામાં આવે.
- મનુષ્યના કર્મોનો પ્રભાવ તેના મૃત્યુ પછી પણ પડે છે. જેથી બુદ્ધિ અને વિવેકથી અપેક્ષિત છે કે તેના સારા નરસા કર્મોના ભાવિ પેઢીઓ ઉપર પડનારા પ્રભાવોનું મૂલ્યાંકન થાય. પછી જ તેને દંડ આપી શકાય. તેના વગર સંપૂર્ણ દંડ કે પુરસ્કાર આલોકમાં સંભવ નથી.
- આ સ્વાભાવિક તથ્ય છે કે જ્યારે વ્યક્તિ એમ સમજે છે કે તે પોતાના પૂર્વજન્મના કર્મોની સજા ભોગવવા માટે પેદા કરવામાં આવ્યો છે. તો સાહજિક રૂપે તેનું મનુષ્યત્ત્વ પ્રભાવિત થશે. તેનામાં આત્મસન્માન, સ્વાભિમાન અને પુરૂષાર્થની ભાવના ઉત્પન્ન નહીં થાય. બલ્કે તે ગ્લાનિ, ક્ષોભ, સંકોચ અને પ્રાયશ્ચિત તેમજ નિરસભાવનામાં ગ્રસ્ત થઈને જીવન ગુજારશે. તેની ઉન્નતિ પ્રભાવિત થશે.

લોકોનો અહંકાર વધશે. સાધન સંપન્ન લોકો નિર્ધનો સાથે ઉપેક્ષાપૂર્ણ-વ્યવહાર અને તુચ્છ ભાવનાથી વર્તશે અને આમ માનવતા ઊંચ-નીચ અને અસ્પૃશ્યતામાં વિભાજીત થઈ જશે.

પુનર્જીવનની ઈસ્લામી ધારણા :

ઈસ્લામ સંપૂર્ણ જીવનવ્યવસ્થા છે. તેનું શિક્ષણ માનવ માટે સર્વથા કલ્યાણકારી અને મોક્ષ અપાવનારું છે. આ તદન ખુલ્લી વાસ્તવિકતા અને સત્ય છે કે મનુષ્યને આલોકમાં પોતાના સારા-નરસા કાર્યોનો પૂરેપૂરો પુરસ્કાર અને દંડ મળી શકતો નથી, તે માટે પરલોકનું હોવું અનિવાર્ય છે. વિશ્વના તમામ મોટા ધર્મોમાં પરલોકની

ધારણા જોવા મળે છે. ઈસ્લામની પરિભાષામાં પરલોકના જીવનને 'આખિરત' કહેવાય છે.

ઈસ્લામી ધારણા એ છે કે મનુષ્યનું આ જીવન તેની કસોટીની ક્ષણ છે. આ જગત નશ્વર છે. જેનો એક દિવસ વિનાશ થવો નિશ્ચિત છે. શાશ્વત જીવન તો 'આખિરત' (પરલોકનું જીવન) છે. મનુષ્યનું આ જીવન પેલા શાશ્વત જીવનની તૈયારી માટે અવસર પ્રદાન કરે છે. જો મનુષ્ય પોતાના જીવનને ઈશ્વરીય આદેશોના અનુરૂપ બનાવે છે, એકેશ્વરવાદ, ઈશદૂતત્ત્વ, પરલોકનું જીવન વગેરે મૌલિક ધારણાઓનો સ્વીકાર કરે છે તેમજ સત્કર્મો સાથે જીવન વ્યતીત કરે છે, તો તેના માટે સારો બદલો છે અને તે સ્વર્ગને પાત્ર બની શકશે. જ્યાં તેને વાસ્તવિક જીવન, સુખ-શાંતિ અને અમરત્ત્વ પ્રાપ્ત થશે. તે આલોકનું અત્યંત વિકસિત સ્વરૂપ હશે. ત્યાં કોઈ વાતે કમી નહીં હોય. સત્કર્મી તેમાં સદૈવ રહેશે. તેનાથી વિપરિત મિથ્યાચારમાં ઓતપ્રોત દુષ્કર્મીને નર્કની ભભૂકતી જ્વાળાઓમાં નાંખી દેવામાં આવશે. જેમાં તે હંમેશા માટે બળશે. દુષ્કૃત્યો આચરનાર ત્યાં વિભિન્ન પ્રકારની યાતનાઓ પણ ભોગવશે.

ઈસ્લામ પુનર્જીવન નહીં પુનરુજ્જીવન (હશ્ર-Resurrection)ને માન્યતા આપે છે. તે મનુષ્યના વારંવાર જન્મ લેવામાં નથી માનતો. તે માનવ આત્માનુ જીવ-જંતુમાં, વનસ્પતિ વગેરેમાં પરિભ્રમણના વિચારને સંપૂર્ણ રીતે રદ કરે છે. તેની માન્યતા અનુસાર તમામ માનવો જેઓ માનવજીવનના આરંભથી લઈને કયામત (મહાપ્રલય) આવવા પૂર્વ સુધીના હશે, તે તમામ ફરીવાર પેદા કરવામાં આવશે અને અલ્લાહ તેમનાથી તેમના કર્મોનો હિસાબ લેશે તેમજ કર્મ અનુસાર પુરસ્કાર કે દંડ આપશે.

કુર્આન આ વાતને આ રીતે સમજાવે છે.

"અને નિર્ણયની ઘડી (કયામત) ચોક્કસ આવવાની છે. નિઃશંક તમારો રબ તે સૌને એકત્ર કરશે" (કુર્આન ૧૫:૮૫,૮૬)

"અને (પરલોકમાં) કર્મપત્રક સામે મૂકી દેવામાં આવશે. તે વખતે તમે જોશો કે અપરાધી લોકો પોતાના જીવનપુસ્તકમાં અંકિત નોંધોથી ડરી રહ્યા હશે અને કહેતા હશે, "હાય, અમારું દુર્ભાગ્ય ! આ કેવું પુસ્તક છે કે જેમાં અમારું કોઈ નાનું-

મોટું કૃત્ય એવું નથી જે આમાં નોંધાઈ ન ગયું હોય" જે કંઈ પણ તેમણે કર્યુ હતું તે બધું જ પોતાના સામે મૌજુદ જોશે અને તારો રબ (પ્રભુ) કોઈના ઉપર સહેજ પણ જુલ્મ નહીં કરે." (કુર્આન ૧૮:૪૯)

"ચિંતા તે દિવસની થવી જોઈએ જ્યારે અમે પર્વતોને ચલાવીશું, અને તમે. ધરતીને તદ્દન નગ્ન જોશો. અને અમે તમામ મનુષ્યોને એવી રીતે ઘેરીને અકત્ર કરીશું કે (અનુગામીઓ અને પુરોગામીઓ પૈકી) એકપણ બાકી નહીં રહે અને બધા જ તમારા રબ (પ્રભુ)ની હજૂરમાં કતારબદ્ધ રજૂ કરવામાં આવશે - લો, જોઈલો, આવી ગયાને તમે અમારા પાસે, એવીજ રીતે જેવી રીતે અમે તમને પહેલી વખત પેદા કર્યા હતા." (કુર્આન ૧૮:૪૭)

હઝરત મુહમ્મદ (સલ્લ.)એ કયામતના આ લક્ષણો બતાવ્યા છે, "જ્ઞાન લઈ લેવામાં આવશે, અજ્ઞાનતા અધિક હશે, વ્યભિચારનો વધારો હશે, દારૂ ખૂબ પીવામાં આવશે. પુરૂષો ઓછા અને સ્ત્રીઓ અધિક થઈ જશે ત્યાં સુધી કે પચાસ સ્ત્રીઓનો આશ્રયદાતા એક (પુરૂષ) હશે." (હદીસસંગ્રહ : બુખારી-મુસ્લિમ-અહમદ-તિરમિજી)

"પછી સૂર (રણશિંગુ) ફૂંકવામાં આવશે અને એકાએક આ લોકો પોતાના પાલનહાર (રબ)ની તરફ નીકળી પડશે." (કુર્આન ૩૬:૫૧)

કયામતના દિવસે, આકાશ ફાટી જશે, તારા વીખેરાઈ જશે, સુર્ય લપેટી દેવામાં આવશે, પર્વતો પીંજાયેલા રૂની જેમ થઈ જશે, ધરતીને કૂટી-કૂટીને રેતાળ મેદાન બનાવી દેવામાં આવશે, અને જે કંઈ તેના અંદર છે તેને બહાર ફેંકીને ખાલી થઈ જશે. કબરોમાં જે કંઈ (દટાયેલું) છે તે કાઢી લેવામાં આવશે. હૃદયોમાં જે કંઈ (છુપાયેલું) છે તેને બહાર કાઢીને તેની તપાસ કરવામાં આવશે, લોકો વિખેરાયેલા પતંગીયા જેવા થઈ જશે. (કુર્આન ૮૨:૧/૨, ૮૪:૧/૪, ૮૯:૨૧, ૧૦૦:૯, ૧૦૧:૪)

પુનરુજ્જીવનના દિવસે પ્રત્યેક વ્યક્તિ પોતાના કર્મોનું પૂરેપૂરું ફળ મેળવશે.

કુર્આન કહે છે, "પછી જેવું રણશિંગુ ફૂંકી દેવામાં આવશે, તેમના વચ્ચે કોઈ સંબંધ રહેશે નહીં, અને ન તેઓ એકબીજાને પૂછશે. તે વખતે જેમના પલ્લાં ભારે હશે તેઓ જ સફળતા પામશે અને જેમના પલ્લાં હલકા હશે. તે જ લોકો હશે જેમણે પોતાને નુકશાનમાં નાખી દીધા. તેઓ જહન્નમ (નર્ક)માં હંમેશા રહેશે. આગ

તેમના ચહેરાની ચામડીને ચાટી જશે અને તેમના જડબા બહાર નીકળી આવશે." (કુર્આન ૨૩:૧૦૧-૧૦૪)

અંતિમ ઈશદૂત હઝરત મુહમ્મદ (સલ્લ.) એ ફરમાવ્યું,

"મૃત્યુ પામનારના સાથે ત્રણ ચીજો ચાલે છે. તેના ઘરવાળાઓ, તેનો માલ અને તેના કર્મ. પછી બે ચીજો તો પાછી વળી જાય છે અને એક સાથે રહી જાય છે. તેના ઘરવાળાઓ અને માલ તો પાછા આવી જાય છે અને તેના કર્મ સાથે રહી જાય છે." (હદીસ સંગ્રહ : બુખારી - મુસ્લિમ)

કુર્આનમાં છે, "છેવટે દરેક વ્યક્તિને મરવાનું છે અને તમે સૌ પોત-પોતાનું પૂરેપૂરું વળતર કયામતના દિવસે પામવાના છો. સફળ ખરેખર તે છે જે ત્યાં નર્કની આગથી બચી જાય અને સ્વર્ગમાં દાખલ કરી દેવામાં આવે. રહી આ દુનિયા, તો આ માત્ર છેતરામણી વસ્તુ છે." (કુર્આન ૩:૧૮૫)

"તે દિવસે દરેક વ્યક્તિને તેની કમાણીનો પૂરેપૂરો બદલો આપી દેવામાં આવશે અને કોઈના સાથે અન્યાય નહીં થાય." (કુર્આન ૩:૨૫)

"તે દિવસ આવવાનો છે જયારે દરેક મનુષ્ય પોતાના કર્મોના ફળ પોતાના સામે હાજર જોશે, ચાહે તેણે ભલાઈ કરી હોય કે બુરાઈ." (કુર્આન ૩:૩૦) "તે દિવસ ન કોઈ માલ ફાયદો આપશે ન સંતાન." (કુર્આન ૨૬:૮૮), "તેમના હાથ-પગ, તેમના કાન, તેમની આંખો અને તેમના શરીરની ચામડી તેમના ઉપર સાક્ષી આપશે કે તેઓ દુનિયામાં શું શું કરતા રહ્યા છે." (કુર્આન ૩૬:૬૫ - ૪૧:૨૦)

અલ્લાહ કહે છે, "કયામતના દિવસે અમે ન્યાયતુલા મૂકી દઈશું. પછી કોઈ વ્યક્તિ ઉપર રજમાત્ર અત્યાચાર નહીં થાય. જે કોઈનું રાઈના દાણા બરાબર પણ કર્મ હશે તેને અમે સામે લઈ આવીશું અને હિસાબ કરવા માટે અમે પુરતા છીએં." (કુર્આન ૨૧:૪૦)

તે દિવસ, સત્કર્મો કરનારા માટે સુગમ અને દુષ્કર્મો કરનારા માટે વિષમ હશે. કુર્આન કહે છે, "જે ભલાઈ લઈને આવશે, તેને તેનાથી વધારે સારો બદલો મળશે અને આવા લોકો તે દિવસે ગભરામણથી નિશ્ચિંત હશે અને જે બુરાઈ લઈને આવશે એવા બધા લોકો ઊંધા મોઢે આગમાં ફેંકવામાં આવશે." (કુર્આન ૨૭:૮૯,૯૦)

"કોઈ શબ્દ તેમના મોઢેથી નીકળતો નથી જેને સુરક્ષિત કરી લેવા માટે એક

સતત હાજર રહેનાર નિરીક્ષક (ફરિશ્તો) મોજૂદ ન હોય." (કુર્આન ૫૦:૧૮)

"તે છુપી અને જાહેર, દરેક વસ્તુને જાણે છે.. તમારામાંથી કોઈ વ્યક્તિ ચાહે મોટેથી વાત કરે કે ધીમેથી, અને કોઈ રાતના અંધકારમાં છૂપાયેલ હોય અથવા દિવસના પ્રકાશમાં ચાલી રહ્યો હોય, તેના માટે બધું સમાન છે." (કુર્આન ૧૩: ૯,૧૦)

'પછી જેની કર્મનોંધ તેના જમણા હાથમાં આપવામાં આવી હોય, તેના પાસેથી હળવો હિસાબ લેવાશે અને તે સ્વજનો તરફ ખુશી-ખુશી પાછો ફરશે. રહી તે વ્યક્તિ જેની કર્મનોંધ તેની પીઠ પાછળ આપવામાં આવશે. તો તે વિનાશને પોકારશે અને ભડકે બળતી આગમાં જઈ પડશે." (કુર્આન ૮૪: ૭ થી ૧૨)

"વાસ્તવમાં નુકશાનમાં રહેનારા તો તે લોકો છે જેમણે કયામતના દિવસે પોતાને તથા પોતાના કુટુંબીજનોને નુકશાનમાં નાખી દીધા. આ જ સ્પષ્ટ નુકશાન છે." (કુર્આન ૩૯:૧૫)

જન્નત (સ્વર્ગ) :

જન્નત (સ્વર્ગ)ના પાત્ર તે જ વ્યક્તિ હશે, જેમણે જીવનભર અલ્લાહની બંદગી (ઉપાસના) કરીને સારા કાર્યો કર્યા હશે. અલ્લાહનો આ વાયદો છે.

"તે લોકો જેઓ ઈમાન લઈ આવે અને સદ્કાર્યો કરે, તો તેમને અમે એવા બગીચાઓમાં દાખલ કરીશું જેના નીચે નહેરો વહેતી હશે. જ્યાં તેઓ હંમેશા રહેશે. આ અલ્લાહનો સાચો વાયદો છે અને અલ્લાહથી વધીને કોણ પોતાની વાતમાં સાચો હશે." (કુર્આન ૪:૧૨૨)

"જેઓ ઈમાન લાવ્યા અને સત્કર્મો કરતા રહ્યા, તો તેમના માટે કદી સમાપ્ત ન થાય તેવો બદલો છે." (કુર્આન ૯૫:૬)

"પછી જે કંઈ આંખોની ઠંડકનો સામાન તેમના કર્મોના બદલા રૂપે તેમના માટે છૂપાવીને રાખવામાં આવ્યો છે તેની કોઈ જીવધારીને ખબર નથી." (કુર્આન ૩૨:૧૭)

ઈશદૂત હઝરત મુહમ્મદ (સલ્લ.)નું કથન છે,

"કયામતના દિવસે બંદો એક ડગલું પણ આગળ નહીં વધી શકે, જ્યાં સુધી

તેનાથી પાંચ વાતોનો જવાબ ન મેળવી લેવામાં આવે. પોતાની ઉંમર કેવી રીતે વિતાવી ?, પોતાની યુવાની કેવી રીતે વ્યતીત કરી ?, ધન ક્યાંથી કમાવ્યું ? ધન ક્યાં ખર્ચ કર્યું ? અને જે જ્ઞાન તેણે મેળવ્યું તેના ઉપર કેટલો અમલ કર્યો ?" (તિરમીઝી)

એક અન્ય હદીસમાં આ મુજબ છે,

હઝરત જાબીર (રદી.)થી ઉલ્લેખ છે કે પયગંબર (સલ્લ.)એ કહ્યું કે, "જ્યાં સુધી જન્નતવાળાઓ જન્નતની નેઅમતોમાં (આહ્‌લાદક-આનંદપ્રમોદ વચ્ચે) હશે, અચાનક તેમના માટે નૂર (દિવ્ય પ્રકાશ) પ્રકાશિત થશે, જેથી તેઓ પોતાનું માથું ઊંચું કરશે તો શું જોશે કે, તેમનો રબ (પાલનહાર પ્રભુ) તેમના ઉપર પ્રકટ છે. અલ્લાહ કહેશે. "તમારા ઉપર સલામતી હો, હે જન્નત વાળાઓ ! આપ (સલ્લ.) એ કહ્યું કે, અલ્લાહ તેમના તરફ જોશે અને તેઓ તેની તરફ જોશે. પછી તેઓ જ્યાં સુધી અલ્લાહની તરફ જોતાં રહેશે, જન્નતની કોઈ નેઅમત તરફ તેમનું ધ્યાન નહીં હોય, ત્યાં સુધી કે અલ્લાહ તેમનાથી પરદા (આવરણ)માં થઈ જશે અને બાકી રહી જશે તેનું નૂર." (ઈબ્નેમાઝા)

પવિત્ર કુર્આનમાં જન્નતનું ચિત્રણ છે.

અલ્લાહની ભક્તિ કરનારા અને તેનો ડર રાખનારાઓ માટે સુગંધિત ફૂલ અને ઉપહારો ભરેલા ઉદ્યાનો હશે, તેમના માટે ફિરદૌસ (દરેક પ્રકારના ફળોથી લદાયેલ બાગ-જન્નત)ના બગીચાઓ હશે. (કુર્આન ૫૬: ૮૯, ૧૮:૧૦૭) ઊંચી ઈમારતો મજલા ઉપર મજલાવાળી, જેમના નીચે નહેરો વહેતી હશે. (૩૯:૨૦) તેઓ જે ઈચ્છશે તે મેળવશે, તેમાં તેઓ-સદૈવ રહેશે. (૨૫:૧૬) તેમને વાસ્તવિક શાંતિ પ્રાપ્ત હશે. બાગો અને ઝરણાંઓમાં ઝીણાં અને જડાઉ રેશમી પોશાકો પહેરીને આમને -સામને બેઠા હશે. (૪૪: ૧-૫૩) તેમના માટે સુખ વૈભવની વસ્તુઓ હશે. તેઓ અને તેમની પત્નીઓ ઘટાદાર છાંયડાઓમાં આસનો ઉપર તકિયા લગાવીને બેઠા હશે. (૩૬: ૫૧-૫૬) તેમને સોનાના કંગનો અને મોતીઓથી શણગારવામાં આવશે. (૩૫:૩૩) તેમના આગળ ચાંદીના વાસણ અને કાચના પ્યાલા ફેરવવામાં આવશે. (૭૬:૧૫) અલ્લાહે પોતાના બંદાઓ માટે તે તમામ વસ્તુઓ ઉપલબ્ધ કરી રાખી છે, જેને ન કોઈ આંખે જોઈ છે ન કોઈ કાને સાંભળી છે અને ન કોઈ મનુષ્યના મનમાં તેનો વિચાર આવ્યો હશે.

જન્નતમાં ન તો સખત તડકો હશે ન સખત ઠંડી (કુર્આન ૭૬:૩) ફળોથી લદાયેલ વૃક્ષો હશે, દ્રાક્ષના બગીચા હશે, મનપસંદ મેવાઓ હશે (૭૬:૧૩, ૮:૩૨) ગૌરવર્ણી, મૃગ-નયની સ્ત્રીઓથી તેમના વિવાહ થશે .(૪૪:૫૪) લીલા ગાલીચા અને સ્વચ્છ અને અદ્વિતીય ફરશો ઉપર તકિયા અઢેલીને બેસશે (૫૫:૭૬) ત્યાં ઈચ્છિત સ્વાદિષ્ટ ફળો અને પીણાં મળશે. શરાબના ઝરણાઓમાંથી પ્યાલાં ભરીભરીને એમના વચ્ચે ફેરવવામાં આવશે. ચળકતી ઉજ્જવળ શરાબ ! ન તેમના શરીરને તેનાથી કોઈ નુકશાન થશે ન તેમની બુધ્ધિ વિકૃત થશે. (૩૭:૪૫-૪૭)

જન્નતવાળાના ચેહરા પ્રફુલ્લિત અને સૌમ્ય હશે. તેમના મુખ ઉપર સુખ સમૃધ્ધિની તેજસ્વીતા જણાશે. (૮૮:૮, ૮૩:૨૪) તેઓ કોઈ વ્યર્થ વાત નહીં સાંભળે (૮૮:૧૧) કોઈ જૂઠી વાત તેઓ નહીં સાંભળે (૭૮:૩૫) તેઓ સારી રીતે હંમેશા સ્વસ્થ અને આનંદમય રહેશે.

અલ્લાહના પયગમ્બર (સલ્લ.)ની હદીસના શબ્દો છે,

"અહીં તે સ્વાસ્થ્ય છે કે બીમાર નહીં પડાય. તે જીવન છે કે મૃત્યુ નહીં આવે. તે યુવાની છે કે વૃદ્ધત્વ નહીં હોય, અને તે આરામ છે કે પછી કોઈ તકલીફ નહીં થાય. લોકોના ચેહરાઓ પોતપોતાના કર્મો મુજબ ચમકશે, કોઈ તારાની જેમ, કોઈ સંપૂર્ણ ચંદ્રની જેમ." (મુસ્લિમ)

જન્નત સંબંધે ઉપરોક્ત તમામ વિવરણ સ્વાભાવિક રીતે પ્રત્યેક સમજદાર અને વિવેકશીલ વ્યક્તિના મન અને અંતરમાં તેના પ્રત્યે આકર્ષણ અને ચાહના પેદા કરવા પર્યાપ્ત છે. આપણે પોતાની જાતને જન્નતના પાત્ર બનાવવા હેતુ ગંભીર પ્રયાસો કરવા જોઈએ. દુનિયામાં આલોકમાં આપણને જે અવસર મળ્યો છે તેમાં ઈશ્વરના આજ્ઞાંકિત બનીને તેમજ સુકર્મો કરીને તેનો સંપૂર્ણ રીતે સદ્ઉપયોગ કરી શકાય છે અને આલોક-પરલોક બંનેમાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે.

જહન્નમ (નર્ક) :

જહન્નમને નર્ક અને દોજખ પણ કહેવાય છે. જે દુષ્કર્મીઓ અને પાપાચારીઓનું ઠેકાણું છે. જેમાં તેઓ અત્યંત કઠીન દુઃખદાયક યાતનાઓ ભોગવશે.

કુર્આન કહે છે, "હે નબી ! આમને કહો, શું અમે તમને બતાવીએં કે પોતાના કર્મોની દૃષ્ટિએ સૌથી વધુ નુકશાન ઉઠાવનારા લોકો કોણ છે ? આ તે લોકો છે જેમના પ્રયાસ સાંસારિક જીવનમાં વ્યર્થ થઈ ગયા અને તેઓ સમજતા રહ્યા કે તેઓ ખૂબ સારા કર્મો કરી રહ્યા છે. આ તે લોકો છે જેમણે પોતાના પાલનહાર-પ્રભુની આયતોનો અને તેનાથી મિલન થવાનો ઈન્કાર કરી દીધો. તેથી તેમના બધાજ કર્મો વ્યર્થ ગઈ ગયા. કયામતના દિવસે અમે તેમને કોઈ વજન નહીં આપીએ. તેમનો બદલો જહન્નમ (નર્ક) છે. એટલા માટે કે તેમણે કુફ્ર (ઈન્કાર)ની નીતિ અપનાવી અને મારી આયતો અને મારા રસૂલો (ઈશદૂતો)નો ઉપહાસ કર્યો." (કુર્આન ૧૮:૧૦૩-૧૦૬)

જે લોકોએ આલોકમાં સત્યના ઈન્કારની નીતિ અપનાવી. તેમને આગના વસ્ત્રો પહેરાવવામાં આવશે. તેમના માથા ઉપર ઉકળતું પાણી નાંખવામાં આવશે, જેનાથી જે કંઈ તેમના પેટોમાં છે તે પીગળી જશે અને ચામડી પણ. તેમને દંડ આપવા માટે લોઢાની ગદાઓ હશે. જ્યારે પણ તેઓ ગભરાઈને તેમાંથી નીકળવા જશે તો તેમાંજ પાછા નાખી દેવામાં આવશે અને કહેવામાં આવશે કે ચાખો ભડકે બળતી આગની યાતનાની મજા. (કુર્આન ૨૨: ૧૯-૨૨, ૪૪:૪૮, ૩૨:૨૦)

જહન્નમની આગ ઓલવાઈ નહીં જાય. જેની જ્વાળાઓ તેમને ઘેરામાં લઈ ચૂકી છે. (કુર્આન ૧૭:૯૭, ૧૮:૨૯)

આગ તેમના ચેહરાની ચામડીને ચાટી જશે અને જેનાથી તેઓ કુરૂપ થઈ જશે. (કુર્આન ૨૩:૧૦૪)

તેમના માટે આગ જ બિછાણું અને ઓઢવાનું હશે. (કુર્આન ૭:૪૧)

તેમને ઉકળતું પાણી પીવડાવવામાં આવશે. જે તેમના આંતરડાના ટુકડે-ટુકડા કરી નાંખશે. (૪૭:૧૫, ૧૦:૪) એવું પાણી મળશે જે તેલના કીટા જેવું હશે જે તેમના મોઢાં બાળી નાખશે. (૧૮:૨૯) ઝક્કુમ (થુવેર)નું વૃક્ષ ગુનેગારોનો ખોરાક હશે. તેલના કીટા જેવો, પેટમાં ઉકળતા પાણીની જેમ ઉભરા મારશે. (૪૪:૪૩)

જહન્નમ એક ફાંસલો છે. તેમાં કોઈ ઠંડક અને પીવાલાયક કોઈ વસ્તુનો સ્વાદ તેઓ નહીં ચાખે. કંઈ મળશે તો માત્ર ગરમ પાણી અને જખ્મોનું ધોવણ. તેઓ હાંફશે, ફૂંફાડા મારશે અને આ જ હાલતમાં તેઓ હંમેશા રહેશે. (૭૮:૨૧-૨૫) જ્યારે આમને એક સાંકડી જગ્યામાં જકડીને ઠાંસી દેવામાં આવશે તો પોતાના મૃત્યુને

પોકારવા લાગશે. (કહેવામાં આવશે) "આજે એક મૃત્યુને નહીં ઘણા મૃત્યુને પોકારો." (૧૧:૧૦૬-૧૦૭, ૨૫:૧૨-૧૪)

આથી અલ્લાહ માનવોને ચેતવણી આપતા કહે છે કે,

"પાછા વળો પોતાના રબ (પાલનહાર)ની તરફ અને આજ્ઞાંકિત બની જાઓ, તે પહેલાં કે તમારા ઉપર એકાએક યાતના આવી જાય અને તમને ખબર પણ ન પડે. એવું ન બને કે પાછળથી કોઈ વ્યક્તિ એમ કહે "અફસોસ ! મારી તે બેદરકારી માટે જે હું અલ્લાહ પ્રત્યે દાખવતો રહ્યો, બલ્કે હું તો ઊલ્ટાનો મજાક ઉડાવનારાઓમાં સામેલ હતો." (કુર્આન ૩૯:૫૬)

-❖-

મૃત્યુ પછી શું ?

❖ ડૉ. સૈયદ શાહિદઅલી ❖

"તમે તો સાંસારિક જીવનને પ્રાથમિકતા આપો છો, જ્યારે કે આખિરત વધુ ઉત્તમ અને બાકી રહેનારી છે." (કુર્આન ૮૭:૧૬,૧૭)

"લોકો દુનિયાના જીવન (આલોક)ના ફક્ત બાહ્ય સ્વરૂપને જાણે છે પરંતુ આખિરતથી તેઓ તદ્દન બેખબર છે. શું તેમણે સ્વયં પોતાનામાં ચિંતન-મનન નથી કર્યું ? અલ્લાહે ધરતી અને આકાશો અને તે તમામ વસ્તુઓને જે તેમના વચ્ચે છે સત્યપૂર્વક અને એક નિશ્ચિત સમય માટે જ પેદા કરી છે. પરંતુ ઘણાં લોકો પોતાના પ્રભુની મુલાકાતનો ઈન્કાર કરે છે." (કુર્આન ૩૦:૭,૮)

આ સંસારમાં સંપૂર્ણ ન્યાય નથી થઈ શકતો. એક વ્યક્તિએ દસ લોકોને કતલ કરી નાખ્યાં, તેને પકડવામાં આવ્યો અને એકવાર ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યો. આ સંપૂર્ણ ન્યાય નથી. ન્યાય સંપૂર્ણ ત્યારે થતો, જ્યારે ખૂનીને દસ વખત મારી નાંખવામા આવતો અને દસ વખત જીવિત કરવામાં આવતો. તદ્ઉપરાંત મરનારાઓને પણ જીવિત કરવામાં આવતા અને તેમના સામે, તેમના ખૂનીને મારી નાંખવામા આવતો કે જેથી તેઓ ખુશ થતાં અને માનતા કે હા, અમને ન્યાય મળ્યો. શું આ દુનિયા એવી છે, જ્યાં આવું થઈ શકે ?

એક માણસે ચોરી કરી, તેને સજા મળી, કેદ કરી દેવામાં આવ્યો. ચોરને તકલીફ થઈ, પરંતુ જ્યાં સુધી તે જેલમાં રહ્યો, તેની માં ને પણ તકલીફ થતી રહી. અપરાધ તો દીકરાએ કર્યો હતો. સજા માંને કેમ મળી રહી છે ? માંને તકલીફ એટલા માટે થતી રહી કેમકે માં અને દીકરા વચ્ચે એક લાગણીશીલ સંબંધ હોય છે. આ સંબંધનું અસ્તિત્વ ન હોય, તો બાળપણમાં બાળકની દેખરેખ અને પાલન પોષણ કેવી રીતે થાય ? ઠંડીની રાતમાં જ્યારે બાળક સોસવાય અને રડે તો માં શા માટે ઉઠે ? તો પછી બાળકને ન્યુમોનિયા થઈ જાય અને તે મરી જાય. પૂરેપૂરા ન્યાય માટે જરૂરી છે કે એક એવી દુનિયા હોય, જ્યાં માં દીકરો બંને યુવાન હોય અને બંને વચ્ચે કોઈ લાગણીશીલ સંબંધ (Emotional) ન હોય. જેથી સજાની વેદના માત્ર અપરાધીને જ થાય. કોઈ બીજાને ન થાય. શું એવી દુનિયા અસ્તિત્વમાં છે ?

એક ખૂબ સારો વ્યક્તિ, જેના સારા કામોથી લાખો લોકોને લાભ પહોંચે એવી જ રીતે એક ખરાબ વ્યક્તિ જેના દુષ્કૃત્યોથી લાખો લોકોને હાનિ પહોંચે, આ અલ્પજીવનમાં તે બંનેને તેમના સારા કે નરસા કામોનો પૂરેપૂરો સારો કે ખોટો બદલો આપી નથી શકાતો, આવું કેમ છે ?

- દુનિયામાં દરેક ક્રિયા (Action)ની એક પ્રતિક્રિયા (Reaction) દેખાય છે. એક વ્યક્તિએ બીજા વ્યક્તિને માર્યો, તે બેહોશ થઈ ગયો, ભૂખ્યા માણસે ખાવાનું ખાધું, તેની ભૂખ મટી ગઈ. બિમારે દવા ખાધી તે સારો થઈ ગયો. પરંતુ દુનિયામાં અમૂક કામો એવા પણ છે. જેની પ્રતિક્રિયા દેખાતી નથી. તમે કોઈ આંધળાને સડક ઓળંગવામાં મદદ કરી. રસ્તામાં પડેલ કેળાની છાલ હટાવી દીધી. પોતે ભૂખ્યા રહીને ભૂખ્યાને ખાવાનું ખવડાવી દીધું. આવા કાર્યોની પ્રતિક્રિયા ક્યાં છે ?
- આ જીવનમાં મનુષ્યને જે પણ નેઅમત મળે છે. તે પોતાના સાથે જવાબદારી અને ઉત્તરદાયિત્વ જરૂર લાવે છે. તે સિવાય મળેલી દરેક નેઅમતના સાથે ભય અને દુઃખ ચોક્કસ જોડાયેલો હોય છે. જેટલી મોટી નેઅમત હોય છે એટલો જ મોટો તેનો છીનવાઈ જવાનો ભય અને જતા રહેવાનું દુઃખ થાય છે. આવું કેમ થાય છે ?
- તમામ સંબંધોમાં એક મળવાની જગ્યા પણ હોય છે. તબીબ અને દર્દીનો સંબંધ, મળવાની જગ્યા છે, ક્લીનીક. વકીલ અને અરજદારનો સંબંધ, મળવાની જગ્યા છે, કોર્ટ. શિક્ષક અને વિદ્યાર્થીનો સંબંધ, મળવાની જગ્યા છે, નિશાળ. મા-બાપ અને સંતાનનો સંબંધ, મળવાની જગ્યા છે ઘર. ઈશ્વર અને મનુષ્યનો સંબંધ, મળવાની જગ્યા ક્યાં છે ?
- સંપૂર્ણ પ્રસન્નતા માટે મનુષ્યને જોઈએ કે તેની તમામ આવશ્યકતાઓ પુરી થાય. તેની તમામ ઈચ્છાઓ પુરી થાય. વર્તમાન અને ભવિષ્ય સુરક્ષિત બને. તેના તમામ સગા સંબંધી મોજૂદ હોય. (હું ખુશ નથી થઈ શકતો, જ્યાં સુધી મારા મા-બાપ મારા પાસે ન હોય, મારા પિતા ખુશ નથી હોઈ શકતા, જ્યાં સુધી તેમના પિતા જીવિત ન હોય, મારા દાદા ખુશ નથી હોઈ શકતા જ્યાં સુધી તેમના પિતા મોજૂદ ન હોય...) તમામ સ્વસ્થ હોય,

તમામ પાસે ધન સંપત્તિ હોય, કોઈ બિમાર ન હોય, કોઈ વૃદ્ધ ન હોય, કોઈપણ કોઈ દુર્ઘટનાનો શિકાર ન હોય, કોઈ મૃત્યુ ન પામે, વગેરે. પરંતુ આ દુનિયામાં એવું નથી થતું. મનુષ્યને દુનિયામાં સંપૂર્ણ ખુશી અને શાંતિ કેમ નથી મળતી ?

- વિચારો ! જો આ ધરતીના તમામ માનવોને હઠાવી દેવામાં આવે તો શું થશે ? કોઈ ફરક નહીં પડે. સૂર્ય ઉગશે. તેની ગરમીથી સમુદ્રમાં વરાળ બનશે. વરાળથી વાદળ બંધાશે, જેમાંથી વર્ષા થશે, જલચક્ર (Water-cycle) આ રીતે જ ચાલ્યા કરશે.
- વિચારો ! જો આ ધરતી ઉપર માનવો તો હોય, પરંતુ સૂર્ય કે હવા અને પાણીમાંથી કોઈપણ એક વસ્તુને કાઢી નાખવામાં આવે, તો શું થશે ? ધરતીનું સમગ્ર તંત્ર નષ્ટ થઈ જશે, પડી ભાંગશે. એનાથી સાબિત થાય છે કે મનુષ્ય આ ઈશ્વરીય વ્યવસ્થાતંત્રમાં સૌથી વધારે લાભ ઉઠાવનાર છે, ન કે તેને ફાયદો પહોંચાડનાર. જ્યારે કે આ તંત્રની તમામ વસ્તુઓ મનુષ્યને કેવળ ફાયદો જ પહોંચાડી રહી છે, તેમની પાસેથી કંઈ મેળવી રહી નથી. જેથી સ્પષ્ટ થાય છે કે ધરતીનો આ ઢાંચો (Structure) મનુષ્ય માટે છે, તો પછી મનુષ્ય કયા ઢાંચા માટે છે ?

એક સજીવ અને નિર્જીવ મનુષ્યમાં ફરક હોય છે. સજીવ મનુષ્યના મગજમાં વિચારો આવે છે. તે વાત કરી શકે છે. તે કાર્યાન્વિત હોય છે.

મનોવિજ્ઞાન અનુસાર માનવ મગજના બે ભાગ હોય છે. એક ચેતન (conscience) અને એક અચેતન(sub-conscience). અચેતન ભાગ, માનવ મગજનું સંગ્રહસ્થાન હોય છે. તેમાં મનુષ્યના નાના મોટા તમામ વિચારો જમા થતા રહે છે. એક વ્યક્તિની યાદશક્તિ ખોવાઈ ગઈ. તે બધું જ ભુલી ગયો. જ્યારે તેની સ્મૃતિ પાછી આવી, તેને બધું જ યાદ આવી ગયું. અથવા ક્યારેક સ્વપ્નમાં બાળપણની વાતો દેખાય છે. તેનાથી સિદ્ધ થાય છે કે મનુષ્યના તમામ વિચારો, ક્યાંક સુરક્ષિત થતા રહે છે, ત્યારે તો તે પાછા યાદ આવે છે. મનુષ્યના નાના-મોટા તમામ વિચારો તેના અચેતન મસ્તિષ્કમાં સંગ્રહ થતા રહે છે. વિચારો કે, આ રેકોર્ડીંગ કેમ થઈ રહ્યું છે ?

ભૌતિક વિજ્ઞાન (Physics)ના અનુસાર માનવી જે અવાજ કાઢે છે અથવા કોઈ વાતચીત કરે છે. તે ક્યારેય નષ્ટ નથી થતી, બલ્કે છયાસી હજાર માઈલની ગતિથી હવામાં પરિભ્રમણ કરતી રહે છે. વિજ્ઞાને એટલી પ્રગતિ કરી છે કે વીતેલા સમયના અવાજો પણ રેકર્ડ થઈ શકે છે, સાંભળી શકાય છે. પરંતુ આ બધા અવાજો એકમેકમાં ભળેલા છે. હજૂ તેમને જુદા નથી પાડી શકાયા. વિજ્ઞાન આ અવાજોને અલગ અલગ કરીને સાંભળવાના પ્રયત્નો કરી રહ્યું છે. જ્ઞાત થાય છે કે મનુષ્યના નાના મોટા તમામ અવાજો રેકોર્ડ થઈ રહ્યા છે. અવાજનું આ રેકોર્ડીંગ કેમ થઈદ્ધ રહ્યું છે ?

માનવીના શરીરમાંથી ગરમ તરંગો (Heat Waves) નીકળે છે. તે માનવીની પ્રત્યેક ક્રિયા (ઉભા રહેવાની, બેસવાની, સૂઈ રહેવાની)નો ફોટો બનાવે છે. નવેમ્બર ૧૯૬૦ના Readers Digest નામક સામયિકમાં લખ્યું હતું કે અમેરિકાના ઉપરથી એક વિમાન પસાર થયું. બે કલાક પછી તે ખાલી જગ્યાએથી વિમાનમાં બેસેલા પ્રવાસીઓના ફોટા લેવામાં આવ્યા. તે કેમેરો જે માણસના ગયા પછી તે ખાલી જગ્યાએથી તે માણસનો ફોટો લઈ શકે. તેને Evaporagraph કહેવામાં આવે છે. વિજ્ઞાન જગતમાં એ ચર્ચા થઈ રહી છે કે કોઈ માણસના હટી ગયા પછી તે ખાલી જગ્યાએ, તે માણસનો ફોટો અમૂક કલાક બાકી રહે છે કે હંમેશા માટે. સંભવ છે આ ફોટો હંમેશા રહેતો હોય. હજુ વિજ્ઞાને એટલી પ્રગતિ નથી કરી કે ઘણા વર્ષો પછી પણ ખાલી જગ્યાએથી ફોટો લઈ શકાય, પરંતુ એવું સંભવ છે. જાણવા મળ્યું કે મનુષ્યની એક એક ક્રિયા રેકોર્ડ થઈ રહી છે. મનુષ્યની ક્રિયાઓનું આ રેકોર્ડીંગ કેમ થઈ રહ્યું છે ?

માનવીના વિચારો, વાતો અને કામોનું આ રેકોર્ડીંગ કેમ થઈ રહ્યું છે ? શું કોઈ અદાલત માટે, જ્યાં આ રજૂ કરવામાં આવશે અને તેના આધારે કોઈ ફેંસલો થશે ?

માનવીના આ બધા પ્રશ્નોના જવાબ પ્રભુએ આપ્યા છે. ખુદા (ઈશ્વર)એ બતાવ્યું કે મનુષ્યને ક્યારેય નષ્ટ ન થવા અર્થાત હંમેશા માટે પેદા કરવામાં આવ્યો છે. મનુષ્યના જીવનના બે ભાગ છે. એક મૃત્યુ પહેલાંનું જીવન જે ખૂબજ થોડા સમય અને કસોટી માટે છે. બીજું, મૃત્યુ પછીનું જીવન જે કાયમ માટે છે. જેમાં મૃત્યુ પહેલાના જીવનમાં કરવામાં આવેલ કર્મોના આધારે સજા (નર્ક) અથવા ઈનામ

(સ્વર્ગ) મળશે. મૃત્યુ પછી ક્યારેય નષ્ટ ન થનાર જીવનને ઈશ્વરે 'આખિરત' (પરલોક)નું નામ આપ્યું છે. આખિરતને માનવું એ મનુષ્યના તમામ પ્રશ્નોનો ઉત્તર છે.

જીવનની વાર્તા મૃત્યુ સાથે સમાપ્ત નથી થઈ જતી. તદ્દન એવી રીતે જેમ ટી.વી. પર એક ફિલ્મ ચાલી રહી છે અને અચાનક વચમાં રોકી દઈને એમ કહેવામાં આવે કે ફિલ્મ પુરી થઈ ગઈ. અથવા કોઈ નવલકથા વચમાંથી જ સમાપ્ત કરી દેવામાં આવે. જો આવું થશે તો ફિલ્મ જોનારો કે નવલકથા વાંચનારો આ વાતને નહીં માનશે. તે જાણવા માંગશે કે આનો અંત શું આવ્યો ? ફિલ્મ નિર્માતા કે નવલકથા લેખકથી એ આશા રાખવામાં આવે છે કે તે તેનો અંત જરૂર બતાવે. તદ્દન આ રીતે શું કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ એમ માની શકે છે કે આપણા જીવનની વાર્તા આપણા મૃત્યુ સાથે સમાપ્ત થઈ જશે. જ્યારે કે હજુ વાર્તા પુરી થઈ નથી, ખુદા આપણને આપણા અંજામ સુધી નહીં પહોંચાડે ? વાસ્તવમાં પરલોકનું જીવન જ પ્રત્યેક મનુષ્યની વાર્તાનો અંત અને અંજામ છે.

મૃત્યુ પછીના જીવનની કલ્પના લગભગ તમામ ધર્મોમાં જોવા મળે છે. ત્યાં સુધી કે હિન્દુમતમાં પણ. વેદમાં પુનર્જીવનની વાત કહેવામાં આવી છે, જેનો અર્થ મૃત્યુ પછી હંમેશના એક જીવનનો છે. વેદોમાં આવાગમન અને પુનર્જન્મની કલ્પના જોવા નથી મળતી. પુનર્જન્મ અને આવાગમન બે અલગ અલગ ચીજો છે. વેદોમાં પુનર્જીવન છે, જેનો અર્થ મનુષ્યે પોતાના કર્મનાં ફળ હેતુ ફરીવાર જન્મ લેવાનો છે. જ્યારે કે આવાગમનનો અર્થ મોક્ષ પ્રાપ્તિ સુધી કર્માનુસાર ૮૪ લાખ યોનિઓમાં વારંવાર જન્મ લેવો છે. ઉપનિષદકાળમાં પુનર્જન્મ અને આવાગમનને સમાનાર્થી બનાવી દેવામાં આવ્યું. છાનદોગ્ય ઉપનિષદમાં પ્રથમવાર પુનર્જન્મ (પરલોકમાં જ નહીં, આલોકમાં પણ કર્માનુસાર પ્રાણી જન્મ લે છે.) ની વાત કહેવામાં આવી.

પુનર્જન્મના પ્રારંભિક શબ્દ "પુનઃ"નો અર્થ થાય છે "ફરીવાર" નહીં કે "વારંવાર". તેમ છતાં "વારંવાર"નો અર્થ ગ્રહણ કરીને ઉપનિષદો દ્વારા તેની સ્થાપના કરી દેવામાં આવી અને પુરાણો, રામાયણ, મહાભારત તેમજ ધર્મશાસ્ત્રો વગેરેમાં તેને વિસ્તૃતરૂપ આપી દેવામાં આવ્યું. તેમાં શ્રાધ્ધ-સિધ્ધાંત અર્થાત મૃતકની આત્માને શાંતિ પહોંચાડવા હેતુ કર્મકાંડ પણ સમાવિષ્ટ છે, જે પુનર્જન્મના તદ્દન વિપરિત છે.

કુર્આન અનુસાર દરેક મનુષ્યને મૃત્યુ પછી ફરીવાર પેદા કરવામાં આવશે. આ એક સમાપ્ત ન થનારું જીવન હશે. આ સંસારનું જીવન સારા નરસા કર્મો કરવાની જગ્યા છે અને મૃત્યુ પછીનું શાશ્વત જીવન આ કર્મોના આધારે સારો કે ખરાબ બદલો પામવાની જગ્યા છે.

આ ગ્રહ એટલે પૃથ્વી પર જન્મ લેનારો પ્રત્યેક જીવંત મનુષ્ય પોતાના સાથે પરત જવાની ટિકિટ લઈને જન્મે છે અને જીવનપર્યંત તે તેના કન્ફર્મ થવાની રાહ જુએ છે. પરત જવાની ટિકિટના આ પુષ્ટિકરણ (Confirmation)નું બીજું નામ "મૃત્યુ" છે.

મનુષ્યની બિમારી, વૃદ્ધાવસ્થા કે તેની અર્થીને જોઈને એ નિષ્કર્ષ કાઢવું કે જીવન દુઃખદાયક છે, સાચું નથી. કેમકે આ કોઈ એક વ્યક્તિનો વિચાર હોઈ શકે છે, જ્યારે કે ખરી વાત એ છે, જે બિમારી, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આપનાર (પ્રભુ) પોતે બતાવે છે.

ખુદા બતાવે છે કે સાંસારિક જીવન મનુષ્ય માટે એક કસોટી છે. બિમારી આ કસોટીનો એક પ્રશ્નપત્ર છે, વૃદ્ધાવસ્થા કસોટી સમાપ્ત થવાની ચેતવણી છે અને મૃત્યુ કસોટી સમાપ્ત થઈ ગયાની ઘોષણા છે.

દોઢ લાખ માનવો, પ્રતિદિવસ આ પૃથ્વીલોકમાંથી મૃત્યુ પામીને જતા રહે છે. આ બધા લોકો ક્યાં જાય છે ? આ એક મહત્ત્વનો પ્રશ્ન છે. આ પ્રશ્નથી આંખ બંધ ન કરી શકાય. દુનિયાનું કોઈ વિજ્ઞાન આ પ્રશ્નનો ઉત્તર નથી આપી શકતું. માત્ર ધર્મ જ આ સવાલનો જવાબ આપી શકે છે. ધર્મમાંથી પણ કેવળ તે જ એક ધર્મ તેનો સાચો જવાબ આપી શકે છે, જેણે જીવન અને મૃત્યુ આપનારાની વાણીને સંપૂર્ણ સુરક્ષિત કરી રાખી છે.

શું દરેક મનુષ્યના મૃત્યુનો, અર્થાત તેની કસોટી સમાપ્ત થવાનો સમય નિશ્ચિત છે ? કુર્આન કહે છે, "હા" દરેક મનુષ્યના મૃત્યુનો સમય અગાઉથી જ નક્કી છે.

"કોઈ જીવધારી અલ્લાહના આદેશ વિના નથી મરી શકતો. મૃત્યુનો સમય તો લખાયેલો છે." (કુર્આન ૩:૧૪૫)

મૃત્યુને વારંવાર યાદ કરવાને ઈસ્લામ પસંદ કરે છે. કેમકે આ વાતનો

મનુષ્ય ઉપર સારો અને ઊંડો પ્રભાવ પડે છે. સારું કામ કરવાના માર્ગમાં જે આળસ આવે છે તે દુર થાય છે. મનુષ્ય સદ્કાર્યમાં ઉતાવળ કરે છે. તે સાથે ગુના અને પાપને છોડી દેવા અને પશ્ચાતાપ કરવામાં પણ ઉતાવળ કરે છે અને મનુષ્ય અત્યાચાર કરવાથી પણ રોકાઈ જાય છે.

મૃત્યુને પોતાની મરજીથી બોલાવવાને અર્થાત આત્મહત્યાને ઈસ્લામ અવૈદ્ય ઠેરવે છે. કેમકે તે ખુદાથી નિરાશા અને મૃત્યુ સંબંધે તેના આયોજનથી વિદ્રોહ કરવા બરાબર છે.

અંતિમ ઈશદૂત હઝરત મુહમ્મદ (સલ્લ.)એ ફરમાવ્યું,

"તમારામાંથી કોઈ મૃત્યુની કામના ન કરે અને ન જલદી મોત આવવાની પ્રાર્થના કરે, કેમકે જ્યારે મૃત્યુ આવી જશે, તો તેના કર્મનો સિલસિલો રોકાઈ જશે અને ખુદાને (તેના બતાવેલા તરીકા અનુસાર) માનનારાઓ માટે તેમનું આયુષ્ય ભલાઈ વધારવાનું કારણ બને છે." (હદીસ સંગ્રહ : મુસ્લિમ)

"મોતની દુઆ ન કરો અને ન તેની તમન્ના કરો, જો કોઈ વ્યક્તિ માટે આવી દુઆ કરવી જરૂરી હોય, તો તે આમ કહે, "હે અલ્લાહ ! મને જીવિત રાખ જ્યાં સુધી કે જીવન મારા માટે લાભદાયી હોય અને મને (દુનિયાથી) ઉઠાવી લે, જ્યારે મોત મારા માટે લાભદાયી હોય." (હદીસ : નીસાઈ)

ઉપરોક્ત વાતોનો સારાંશ એ છે કે ઈશ્વરના એક હોવાના સિધ્ધાંતને આપણે એ રીતે સ્વીકારીએ કે તેના અસ્તિત્વ, ગુણ, અધિકાર, સત્તા અને સ્વામિત્વમાં કોઈને ભાગીદાર ન બનાવીએં. અંતિમ ઈશદૂત હઝરત મુહમ્મદ (સલ્લ.)એ ઈશ્વરની ઈબાદતની પુરી પદ્ધતિ આપણને બતાવી અને કરીને દેખાડી છે. હઝરત મુહમ્મદ (સલ્લ.) ઉપર અંતિમ ગ્રંથ પવિત્ર કુર્આન અવતરિત થયું. જે સંપૂર્ણ સુરક્ષિત છે. આ ગ્રંથ સમગ્ર માનવજાત માટે માર્ગદર્શન છે. આ સાંસારિક અને પારલૌકિક જીવનમાં સફળતા અને મુક્તિ માટે આ વાસ્તવિકતાઓનો સ્વીકાર કરીને ઈશ્વરના બતાવેલા માર્ગ ઉપર ચાલવું જરૂરી છે.

-❖-

પરલોકની તૈયારી આજથી...

❖ મુહમ્મદ ઝૈનુલઆબિદીન મન્સૂરી ❖

આ ભૌતિક અને સાંસારિક જીવનનો અંત થઈ જવો એક સર્વમાન્ય સત્ય છે. હા, એ વાતમાં મતભેદ થઈ શકે છે અને મતભેદ છે પણ કે આના અંત પછી શું થશે ? આસ્તિકતા અને ધર્મ એમ માને છે કે આના પછી એક બીજું જીવન છે. નાસ્તિક અને અધર્મી એમ માને છે કે આના પછી કોઈ અન્ય જીવન નથી. તેઓનું કહેવું છે કે આપણે મરી જઈને હંમેશા માટે ખતમ થઈ જઈશું. એવું નથી થઈ શકતું કે જ્યારે સડીને કે બળીને આપણું શરીર તદ્દન નષ્ટ થઈ જાય, તો પછી આપણે ફરી શરીર ધારણ કરીને નવિન જીવન પ્રાપ્ત કરીએ.

પ્રભાવમાં અંતર :

ઉપરોક્ત બંને દૃષ્ટિકોણોમાંથી કોઈ એકને ધારણ કરવા દરેક વ્યક્તિ સ્વતંત્ર છે. અર્થાત તેના ઉપર કોઈ એક વિચારધારા લાગુ નથી પાડી શકાતી. પરંતુ કેમકે સૃષ્ટિમાં મનુષ્ય જ એવો જીવ છે જેને તેના સર્જનહારે બુદ્ધિ અને વિવેક પ્રદાન કર્યા છે, એટલા માટે બુદ્ધિમત્તા એ છે બંને વિપરિત દૃષ્ટિકોણોના, આ વર્તમાન જીવન (આચાર-વિચાર, વ્યવહાર અને ચરિત્ર વગેરે) ઉપર પડનારા પ્રભાવો પર અવશ્ય વિચાર કરવો જોઈએ. આ જ વાત મનુષ્યને પશુથી અને માનવને દાનવથી અલગ કરે છે અને તેને શ્રેષ્ઠ, સન્માનીય અને આદરણીય બનાવે છે.

પ્રથમ દૃષ્ટિકોણનો પ્રભાવ :

ધાર્મિકતાનો મૂળ આધાર "ઈશ્વરમાં સંપૂર્ણ વિશ્વાસ છે. અહીં ઈશ્વરને સર્જનહાર, સ્વામી, પ્રભુ, પાલનહાર, નિરીક્ષક, ન્યાયધીશ, પૂજ્ય અને ઉપાસ્ય માનવામાં આવ્યો છે. આ દૃષ્ટિકોણ ધરાવનાર માટે અનિવાર્ય છે કે મનુષ્ય ઈશ્વરનો આજ્ઞાંકિત, કૃતજ્ઞ, ઈશપરાયણ, દાસ અને બંદો હોય, તેનું જીવનક્રમ સારું, સ્વચ્છ, સુંદર અને ઉત્તમ હોય. જે સ્પષ્ટ રીતે કૃતઘ્ન, ઉદ્દંડ, પાપી, ઉપદ્રવી, વિદ્રોહી, વ્યભિચારી, અત્યાચારી અને જાલીમ લોકોથી તદ્દન ભિન્ન હશે.

બીજા દૃષ્ટિકોણનો પ્રભાવ :

નાસ્તિક, અધર્મી કે ધર્મરહિત દૃષ્ટિકોણનો પ્રભાવ એ છે કે મનુષ્ય અને

પશુના જીવન ઉદ્દેશ્ય અને જીવનશૈલીમાં થોડોક જ ફરક રહી જાય છે. પશુ માટે "ખાઓ-પીઓ અને મરી જાવ" અને મનુષ્ય માટે "ખાઓ-પીઓ, મોજમસ્તી, એશ-આરામ કરો અને મરી જાવ." આ 'થોડુંક' અંતર મનુષ્ય અને માનવસમાજને માનવતા અને માનવમૂલ્યોથી ખૂબ નીચે પાડી દે છે અને માનવગૌરવ, ગરિમા અને ઉત્કૃષ્ટતા ને અઘાત પહોંચાડીને તેનો આંશિક અથવા પૂર્ણ વિનાશ કરી નાખે છે. આજ કારણ છે કે સંસારમાં લૂંટફાટ, દમન, શોષણ, દુરાચાર, નરસંહાર, રમખાણ, વ્યભિચાર, અન્યાય અને ભ્રષ્ટાચાર ફેલાયો છે. વ્યાપક અપરાધીકરણે વાતાવરણને વિકટ બનાવી દીધું છે. આ સમસ્યાઓના ત્રણ મુખ્ય કારણો છે. પ્રથમઃ ઈશ્વરીય ધર્મનો ઈન્કાર, બીજુંઃ ધર્મને માનવા છતાં પણ ધર્મથી વિમુખતા અને ઉદાસીનતા અને ત્રીજું : લગભગ વિશ્વની પોણાભાગની (૭૫ ટકા) વસ્તીની ધાર્મિક માન્યતાઓ અને ધારણાઓમાં આ ક્ષમતા અને શક્તિનું ન હોવું કે તેઓ પોતાના અનુયાયીઓને ઈશ્વર સમક્ષ ઉત્તરદાયી હોવાનો પ્રબળ અને યથાર્થ વિશ્વાસ અપાવી શકે, એવો દૃઢ અને અડગ વિશ્વાસ કે ઈશ્વરના સામે ઉત્તરદાયિત્ત્વની ભાવના મનુષ્ય (તથા તેનાથી બનેલ સમાજ અને સામૂહિક વ્યવસ્થા)ને નેક, ઈમાનદાર, ચરિત્રશીલ, શાલીન અને ઉપકારક બનાવી શકે તેમજ બુરાઈઓ, બદીઓ, દુષ્કર્મો, અત્યાચાર, અન્યાય અને ઉપદ્રવ વગેરેથી બચાવી શકે.

ઈસ્લામ શું કહે છે ?

ઈસ્લામ એ ધર્મોમાંથી છે જે આ જીવન પછી એક બીજા જીવનની અવધારણા ધરાવે છે. આ અવધારણા તેની ત્રણ મૂળભૂત ધારણાઓ - વિશુદ્ધ એકેશ્વરવાદ, પરલોકવાદ અને ઈશદૂતત્ત્વમાંથી એક છે. તેની સરળ-સહજ વ્યાખ્યા આ પ્રમાણે છે.

મનુષ્યને સંસારમાં એક ચોક્કસ મુદ્દતનું જીવન આપવામાં આવ્યું છે. પરંતુ વાસ્તવમાં માનવજીવન દીર્ઘકાલીન છે. આ જીવનના બે તબક્કા છે જે પ્રત્યક્ષરૂપે તો ભિન્ન છે. પરંતુ પરોક્ષ રીતે એક બીજાના પૂરક અને પરસ્પર સંલગ્ન છે. અહીંનું (આલોક) જીવન સમાપ્ત થતાં જ આત્મા આગળના (પરલોક) જીવનમાં પહોંચી જાય છે. કયામત પછી આ જીવનનું નષ્ટ થઈ ગયેલું શરીર, ઈશ્વરની મહાન સર્જન શક્તિ અને ક્ષમતા દ્વારા પુનઃ સજીવન કરી દેવામાં આવશે અને તે જ આત્મા તે શરીરમાં ફરીથી આવી જશે. પછી માનવજાતના આદિકાળથી અંત સુધીના તમામ

મનુષ્યો ઈશ્વર સામે હાજર કરી દેવામાં આવશે. પ્રત્યેકના જીવનભરનું કમર્પત્રક ખોલવામાં આવશે. પૂર્ણ ન્યાય સાથે હિસાબ થશે. કોઈના સાથે પણ વંશ, રંગ, ભાષા, વર્ણ, વર્ગ, કોમ, જાતિ, હોદ્દો કે રાષ્ટ્રીયતાના આધારે જરાપણ ભેદભાવ કે પક્ષપાત નહીં થાય. પૃથ્વી ઉપરના આ તમામ માપદંડો ધનિક-ગરીબ, શાસક-શાસિત, રાજા-પ્રજા, માલિક-નોકર, બળવાન-નિર્બળ, સત્તાધીશ-સત્તાવિહીન, ઊંચ-નીચ વગેરે તમામ માપદંડો તે મહાન, પ્રભુત્ત્વશાળી, ન્યાયી, નિષ્પક્ષ, સર્વશક્તિશાળી, તત્ત્વદર્શી ઈશ્વરના ન્યાયાલયમાં સમાપ્ત કરી દેવામાં આવશે. દરેક સાથે દોષરહિત, ત્રુટિરહિત સંપૂર્ણ ન્યાય થશે. દરેકને તેના સમગ્ર જીવનનું જમા-ઉધાર, કર્મપત્રક અને પરિણામપત્રક પકડાવી દેવામાં આવશે. અમુક લોકોને સ્વર્ગમાં જવાનો અને અમુક લોકોને નર્કમાં જવાનો ચૂકાદો સંભળાવી દેવામાં આવશે. સ્વર્ગ જેમાં વૈભવ, સુખ, શાંતિ, આરામ, જાહોજલાલી અને નેઅમતો વચ્ચે એક શાશ્વત અને અમર જીવન હશે જેની કલ્પના પણ આ અસ્થાયી, દોષપૂર્ણ, નશ્વર અને સીમિત જીવનમાં કરી શકાય તેમ નથી. નર્ક, જેમાં દુઃખ, યાતના, આગ અને ઈશ્વરીય પ્રકોપ વચ્ચે એક અતિ દીર્ઘ જીવન હશે. જેંની ભયાનકતા, કષ્ટ અને સજાઓની કલ્પના પણ આ જીવનમાં કરવી અસંભવ છે.

માનવ પ્રકૃતિની માંગણી :

માનવ પ્રકૃતિ જો તેના મૂળભૂત સ્વભાવ પર કાયમ હોય તેમજ વિભિન્ન આંતરિક અને બાહ્ય કારણોએ તેનામાં વિકાર, બગાડ અને અમૌલિકતા પેદા ન કરી દીધી હોય તો પોતાના સહજ સ્વભાવના અંતર્ગત તે માંગણી કરે છે કે,

- સારા અને નરસા લોકોનું મૃત્યુ પછી એક સમાન જ પરિણામ ન હોય, અર્થાત શરીર સડી જઈને માટીમાં ભળી જાય અને એક જ પ્રકારે બંને ખત્મ થઈ જાય અને વાર્તા સમાપ્ત થઈ જાય, એવું ન થાય.
- ઈશ્વરના વિદ્રોહીઓ, અવજ્ઞા કરનારાઓ, ઈન્કાર કરનારાઓ તેમજ ઈશપરાયણ, આજ્ઞાંકિત, તેનીજ ઉપાસના કરનારા લોકોના પરિણામ મૃત્યુ પછી, તેમના આ વર્તમાન જીવનના કર્મોનુસાર અલગ અલગ હોય.
- જે લોકોએ અત્યાચાર અને અન્યાય કર્યા અને ધન, સત્તા, સામર્થ્ય, લાગવગ, ધાંધલ, ભ્રષ્ટાચાર કર્યા અથવા કાયદા અને સજાના સાંસારિક નિયમોની

ખામીઓ અથવા સીમિતતા કે પક્ષપાતના કારણે કે અન્ય કોઈ કારણે તદ્દન બચી જાય અથવા અલ્પ, અધુરી, પ્રતિકાત્મક સજા મેળવીને છૂટી જાય, તેમને ન્યાયસંગત પૂરી સજા મળે જે આ જીવનમાં નહોતી મળી શકી.

- જે લોકોના સાથે આ જીવનમાં અત્યાચાર થયો, જેમના અધિકારોનું હનન થયું, જેમનું ચારેકોર શોષણ કરવામાં આવ્યું અને જેમને પૂરેપૂરો અથવા આછો પાતળો અથવા કોઈ જ ન્યાય ન મળ્યો તેમને પૂરેપૂરો ન્યાય મળવો જોઈએ, કેમકે ઈશ્વરના વિષે આ કલ્પના સુધ્ધાં ન થઈ શકે કે તેણે માનવો અને માનવ સમાજ માટે પોતાની વ્યવસ્થાને અરાજકતાના હવાલે કરી દીધી હોય.
- જે લોકો નેક અને ચરિત્રશીલ બન્યા, મોટામાં મોટું નુકશાન વેઠીને, ઘોર કષ્ટ ઉઠાવીને, સંકટોનો સામનો કરીને પણ સત્યમાર્ગને ન છોડ્યો. અનાચાર, શોષણ, ઉપદ્રવ, અરાજકતા, ધાંધલી, જુલ્મ અને અત્યાચારના વાવંટોળમાં પણ તેમના કદમ સત્યમાર્ગ ઉપર સ્થિર રહ્યા અને આ જીવનમાં તેમને આ સદ્દાચાર અને સત્યનિષ્ઠાનો સારો અને ભરપૂર બદલો, પુરસ્કાર કે પારિતોષિક ન મળ્યા તો તેમને તે મળવાની કોઈ બીજી જગ્યા, કોઈ અવસર, કોઈ બીજું જીવન અવશ્ય પ્રાપ્ત થવું જોઈએ.

ઈસ્લામની પરલોક સંબંધે ધારણા :

ઈસ્લામની પરલોક સંબંધે ધારણા માનવજીવનની અપેક્ષાઓને સારી રીતે પુરી કરે છે. તે માનવ પ્રકૃતિ મુજબ અનુકૂળ અને બુદ્ધિસંગત છે. તે માનવપ્રકૃતિની ઉપરોક્ત તમામ માંગણીઓને સક્ષમ, સક્રિય, બુદ્ધિગત, સ્વાભાવિક રીતે અને સંપૂર્ણપણે સંતોષ આપે છે અને પુરી કરે છે.

અન્ય ધારણાઓથી તુલના :

મૃત્યુ પછીના જીવન સંબંધે અનેક ધાર્મિક અવધારણાઓ આ સંસારમાં જોવા મળે છે. તેના ઉપર એક તુલનાત્મક અને ઉપલક દૃષ્ટિ નાંખવાથી ઈસ્લામી અવધારણાની વિશિષ્ટતા સરળતાથી નજરમાં આવે છે.

૧. એક અવધારણા એ છે કે અમુક વિભૂતિ કે વ્યક્તિત્વ ઉપર ઈમાન લઈ આવવું જ મોક્ષ, મુક્તિ કે પરલોકમાં સ્વર્ગ પ્રાપ્ત કરવા પુરતું છે. આ વિશ્વાસ પછી

સત્કર્મ - દુષ્કર્મ, પુણ્ય-પાપ, ભલાઈ-બુરાઈ વગેરે તમામ વાતો નિરર્થક બની જાય છે. આ માન્યતાથી કેવો મનુષ્ય, કેવો સમાજ બનશે ? કેવું ચરિત્ર, કેવું નૈતિક વાતાવરણ બનશે, આ વિષે કંઈપણ કહેવું વ્યર્થ છે. ખાસ કરીને છેલ્લા પચાસ વર્ષથી સમગ્ર વિશ્વ આ માન્યતા દ્વારા જ ઉપજેલી માનસિકતા, સભ્યતા-સંસ્કૃતિ અને સમગ્ર વિશ્વમાં ઉભો થયેલો ઉધમાત જોઈ રહી છે તથા તેના દુષ્ટ પરિણામ અને પ્રભાવોને સહન કરી રહી છે.

૨. એક માન્યતા એ છે કે આ જ વર્તમાન જીવન સારા લોકો માટે સ્વર્ગ અને ખોટા લોકો માટે નર્ક છે. જેથી પરલોકના જીવનની કોઈ જરૂરત નથી. આવું માનનારા લોકો, જીવનની બીજી બાબતોમાં તો ખૂબ સમજણ, સંશોધન, અધ્યયન, વિશ્લેષણ, બૌદ્ધિકપણા અને ગંભીરતાથી કામ કરે છે. પરંતુ એક મહત્ત્વની બાબતમાં જે ચીજનો સૌથી પહેલાં અને સંપૂર્ણ રીતે ત્યાગ કરે છે તે ચીજ છે "ગંભીરતા". એ વાત કે દરેક દુષ્કર્મીને આ જીવનમાં પૂરી સજા મળી જાય છે અને સુકર્મીને પૂરો પુરષ્કાર. આ વાત અવાસ્તવિક પણ છે અને અતાર્કિક પણ છે. આ વાત દરરોજના અનુભવોના પણ તદ્દન વિરુદ્ધ અને પ્રતિકૂળ સિદ્ધ થાંય છે.

૩. ત્રીજી માન્યતા એ છે કે આ જીવન પછી કર્માનુસાર આત્મા કોઈ અન્ય સારા કે નરસા જીવના શરીરમાં જતી રહેશે. તે જીવોના જીવન-મરણના સાથો સાથ 'શરીર પરિવર્તન'નો ક્રમ ચાલતો રહેશે. આ માન્યતામાં એક તાર્કિક ત્રુટિ એ છે કે તે આ જીવનમાં મનુષ્યના ચરિત્ર નિર્માણમાં કોઈ યથાર્થ, પ્રભાવશાળી અને સક્રિય ભૂમિકા નિભાવવા અને તેને ઈશ્વર સમક્ષ પરલોકના જીવનમાં ઉત્તરદાયી બનાવવામાં વ્યાવહારિક સ્તરે તદ્દન અક્ષમ, અસમર્થ અને નિષ્ફળ નિવડે છે.

ઈસ્લામમાં પરલોકની ધારણા આધિન 'મૃત્યુ પછી જીવન'ની જે સ્પષ્ટ ઈસ્લામી ધારણાનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાં ઉપર જણાવેલ ત્રણે મર્યાદિત સીમાઓ અને ત્રુટિઓનું સમાધાન છે. ઈસ્લામનો દષ્ટિકોણ તદ્દન સ્પષ્ટ અને નિશ્ચિત છે. દરેક પ્રકારના ભ્રમ, જટિલતા અને ગુંચવણ રહિત ઈસ્લામી ધારણા છે કે,

(૧) દરેક વ્યક્તિનું દરેક કામ, ભલે એકાંતમાં કરવામાં આવ્યું હોય કે જાહેરમાં, અંધકારમાં કરવામાં આવ્યું હોય કે અજવાળામાં, અલ્લાહના અદશ્ય ફરિશ્તાઓના માધ્યમથી પ્રત્યેક ક્ષણ તે નોંધવામાં આવે છે.

(૨) મનુષ્યને સર્વશક્તિશાળી ઈશ્વરે પોતાની અસીમ શક્તિ અને સામર્થ્ય દ્વારા જેવી રીતે પ્રથમ વખત બનાવ્યો હતો (જ્યારે કે તે અગાઉ તેનું કોઈ અસ્તિત્વ ન હતું) તેવી જ રીતે ફરીથી તેને બનાવી દેવો ઈશ્વર માટે અસંભવ તો ઘણી દુરની વાત જરાપણ કપરું નહીં હોય (જ્યારે કે તેના અવશેષ અને ડી.એન.એ. આ જ ભૂમંડળ-વાયુમંડળ અને બ્રહ્માંડમાં ક્યાંક ને ક્યાંક, કોઈને કોઈ સ્વરૂપે મૌજૂદ છે.)

(૩) દરેક મનુષ્યના જીવનભર કરેલા કર્મોનો પૂરેપૂરો બદલો તેને પરલોકમાં પૂરા ન્યાય સાથે આપી દેવામાં આવશે.

(૪) અને આ બદલો કયાં તો સ્વર્ગ હશે અથવા પછી નર્ક.

કુર્આનમાં પરલોકનું જીવન :

ઈસ્લામનો મૂળ સ્ત્રૌત "કુર્આન" નામક તે ઈશગ્રંથ છે, જેની ઐતિહાસિકતા અને પ્રમાણિકતા વિશ્વસનીય હોવા સંબંધે સંસારના મુસ્લિમ અને બિનમુસ્લિમ તમામ નિષ્પક્ષ અને પૂર્વગ્રહ વગરના વિદ્વાનો, બુદ્ધિજીવીઓ અને સંશોધનકર્તાઓએ પૂર્ણ વિશ્વાસ પ્રગટ કર્યો છે. આ આરંભથી અંત સુધી શબ્દેશબ્દ ઈશ્વરીય વાણી છે, જે કોઈ પણ માનવ-હસ્તક્ષેપથી મુક્ત, પવિત્ર ઈશગ્રંથ છે. તેમાં સમગ્ર માનવજીવનનું બંધારણ અને માર્ગદર્શન છે. તેમાં મનુષ્યની હૈસિયત, તેને પેદા કરવાનો ઉદ્દેશ્ય, ઈશ્વરની સાચી ઓળખ, મનુષ્ય અને ઈશ્વર વચ્ચેનો સંબંધ, ઈશ્વર પ્રતિ મનુષ્યનું કર્તવ્ય, બીજા મનુષ્યો પ્રત્યે કર્તવ્ય અને અધિકાર, ઉપાસનાની વાસ્તવિકતા અને પદ્ધતિ, મૃત્યુ પછી જીવનની વ્યાખ્યાનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. પરલોકના જીવનથી સંબંધિત કુર્આનની ઘણી બધી આયતોમાંથી અમુકનો ભાવાનુવાદ અત્રે પ્રસ્તુત છે.

"તે દિવસે દરેક વ્યક્તિને તેની કમાણીનો પૂરેપૂરો બદલો આપી દેવામાં આવશે અને કોઈના સાથે અન્યાય નહીં થાય." (કુર્આન ૩:૨૫)

"અને કર્મપત્રક સામે મૂકી દેવામાં આવશે. તે વખતે તમે જોશો કે અપરાધી લોકો પોતાના જીવન-પુસ્તકમાં અંકિત નોંધોથી ડરી રહ્યા હશે અને કહેતા હશે, 'હાય અમારૂ દુર્ભાગ્ય ! આ કેવું પુસ્તક છે કે જેમાં અમારું કોઈ નાનું-મોટું કૃત્ય એવું નથી જે આમાં નોંધાઈ ન ગયું હોય.' જે કંઈપણ તેમણે કર્યું હતું તે બધું જ પોતાના

સામે જોશે અને તારો રબ કોઈના ઉપર સહેજ પણ જુલ્મ (અન્યાય) નહીં કરે" (૧૮:૪૯)

"તે દિવસની ફજેતી અને મુસીબતથી બચો જ્યારે તમે અલ્લાહ તરફ પાછા ફરશો. ત્યાં દરેક વ્યક્તિને તેણે કમાયેલા સત્કર્મો અને દુષ્કર્મોનો પૂરેપૂરો બદલો મળી જશે અને કોઈના ઉપર કદાપિ અન્યાય નહીં થાય." (૨:૨૮૧)

"કોઈ શબ્દ તેમના (મનુષ્યના) મોઢેથી નીકળતો નથી જેને સુરક્ષિત કરી લેવા માટે એક સતત હાજર રહેનાર નિરીક્ષક મોજૂદ ન હોય." (૫૦:૧૮)

"તમારામાંથી કોઈ વ્યક્તિ ચાહે મોટેથી વાત કરે કે ધીમેથી, અને કોઈ રાતના અંધકારમાં હોય કે અજવાળામાં ચાલી રહ્યો હોય તેના માટે બધું સરખું છે." (૧૩:૧૦)

"છેવટે દરેક વ્યક્તિને મરવાનું છે અને તમે સૌ પોતપોતાનું પૂરેપૂરું વળતર કયામતના દિવસે (પરલોકમાં) પામવાના છો. સફળ ખરેખર તે છે જે ત્યાં દોજખ (નર્ક)ની આગથી બચી જાય અને સ્વર્ગમાં દાખલ કરી દેવામાં આવે. રહી આ દુનિયા, તો આ માત્ર છેતરામણી વસ્તુ છે." (૩:૧૮૫)

"શું મનુષ્ય એમ સમજે છે કે અમે તેના હાડકાંને એકત્રિત કરી નહીં શકીએ? શા માટે નહીં ? અમે તો તેના આંગળાના ટેરવા સુદ્ધાં બરાબર બનાવી દેવાનું સામર્થ્ય ધરાવીએ છીએ. પરંતુ મનુષ્ય એમ ઈચ્છે છે કે આગળ પણ દુરાચાર કરતો રહે." (૭૫:૩,૪,૫)

હદીસમાં પરલોકનું જીવન :

'હદીસ' ઈસ્લામી પરિભાષામાં ઈસ્લામના અંતિમ પયગમ્બર (ઈશદૂત) હઝરત મુહમ્મદ (સલ્લ.) ના પવિત્ર જીવન-આચરણ અને બોધ-કથનને કહેવાય છે. તેનો પૂરો રેકોર્ડ પયગમ્બર (સલ્લ.)ના સમકાલીન વિશ્વાસપાત્ર પુરૂષો, સ્ત્રીઓના સંબોધનો અને વર્ણનોના સ્વરૂપે આરંભિક તબક્કાથી જ તૈયાર કરી લેવામાં આવ્યો હતો. પયગમ્બર હઝરત મુહમ્મદ (સલ્લ.)ના તમામ કથનો, કાર્યો, પ્રવૃત્તિઓ, ઈશદૂત તરીકેના આદેશો-નિર્દેશો તેમજ કુર્આનની આયતોની પયગમ્બર દ્વારા કરવામાં આવેલી વ્યાખ્યાઓ હજારોની સંખ્યામાં તે પ્રાચીન સમયગાળામાં જ લિપિબદ્ધ, સંકલિત અને સંપાદિત કરી લેવામાં આવ્યા હતાં, જે આજે અનેક ભાષાઓમાં અનુવાદિત છે અને દરેક જગ્યાએ ઉપલબ્ધ છે.

પયગમ્બર (સલ્લ.)ના પરલોક, સ્વર્ગ, નર્ક સંબંધે અનેક કથનોમાંથી અમુક અહીં પ્રસ્તુત કરવામાં આવી રહ્યા છે.

(૧) "કયામતના દિવસ (અર્થાત ઈશ્વરીય ન્યાયનો દિવસ) બંદો (દાસ-જે ઈશ્વર સમક્ષ ઉભો હશે) એક પગલું પણ આગળ નહીં વધારી શકે, જ્યાં સુધી તેનાથી પાંચ વાતોનો જવાબ ન લઈ લેવામાં આવે.

પોતાની ઉંમર કેવી રીતે વ્યતિત કરી ? (સદાચાર અને ઈશઆજ્ઞાપાલનમાં કે તેનાથી વિપરિત)

પોતાની યુવાની કેવી રીતે વિતાવી ? (સદાચાર અને ઈશઆજ્ઞાપાલનમાં કે તેનાથી વિપરિત)

માલ - કેવી રીતે કમાયા ? (વૈદ્ય સાધનોથી કે અવૈદ્ય રીતે)

માલ ક્યાં ખર્ચ કર્યો ? (સત્કર્મમાં કે દુષ્કર્મમાં)

જે જ્ઞાન (સત્ય સંબંધે) મેળવ્યું તેના ઉપર કેટલો અમલ કર્યો ?

(હદીસ સંગ્રહ-તિરમિજી)

(૨) "દરિદ્ર તેને કહેવાય છે જે તદ્દન નિર્ધન હોય. પરંતુ મારી ઉમ્મત (અનૂયાયીઓનો સમૂહ-મુસલમાનો)માં ખરો દરિદ્ર તે છે જે નમાઝ, રોઝા, ઈબાદત -ઉપાસના વગેરેનો વિશાળ ભંડાર લઈને પરલોકમાં ઈશ્વરની અદાલતમાં એવી રીતે આવશે કે તેણે કોઈનો હક છીનવી લીધો હશે, કોઈને સતાવ્યો હશે, ગાળો દીધી હશે, કોઈના ઉપર અત્યાચાર કર્યો હશે. ત્યારે ન્યાયનો તકાદો પૂરો કરવા માટે અલ્લાહ તેની નેકીઓ (સદ્કાર્યો) પ્રભાવિત અને મજલૂમ લોકોને આપતો જશે, ત્યાં સુધી કે તેની તમામ નેકીઓ પૂરી થઈ જશે અને તે સંપૂર્ણ રીતે દરિદ્ર થઈ જશે. તો પણ તેના હિસાબમાં તેના ઉપરોક્ત કુકર્મોની માત્રા બાકી રહી જશે, તો પછી પ્રભાવિત લોકોના પાપ તેના ખાતામાં નાંખવામાં આવશે અને પછી ફરિશ્તાઓને આદેશ આપવામાં આવશે કે તેને ઢસડતાં લઈ જાય અને નર્કમાં નાંખી દે."

(૩) "જેણે દીકરીઓ ઉપર દીકરાઓને પ્રમુખતા ન આપી, દીકરીઓની હત્યા ન કરી બલ્કે તેમનું સ્નેહપૂર્વક ભરણપોષણ કર્યું, સારી શિક્ષા-દીક્ષા આપી, સારા સંસ્કારોથી તેમને સુસજ્જ કરી અને સારો સંબંધ જોઈને તેમના વિવાહ

કરી દીધા, તે પરલોકમાં મારા (પયગમ્બર સલ્લ.) સાથે સ્વર્ગમાં આ રીતે રહેશે (આમ કહીને આપ સલ્લ.એ પોતાના હાથની બે આંગળીઓને એકબીજાના તદ્દન સમીપ કરીને બતાવી.)"

(૪) તે વ્યક્તિ ઉપર અલ્લહનો શાપ (ધિક્કાર) છે, જેના પાસે તેના વૃદ્ધ માબાપ હોય અથવા તેમનામાંથી કોઈ એક હોય અને તે વ્યક્તિ તેમની સેવા-સુશ્રૂષા કરીને સ્વયંને સ્વર્ગનો ભાગીદાર ન બનાવી શકે."

પરલોક સંબંધી શિક્ષાઓનું વ્યાવહારિક પરિણામ :

મૃત્યુ પછી જીવન, પરલોકના જીવનની ધારણા, ઈસ્લામમાં માત્ર કોઈ ઝાંખી કે દાર્શનિક સ્તરની પરિકલ્પના નથી. તેને ઈસ્લામે દૃઢ વિશ્વાસનું સ્વરૂપ આપ્યુ છે. જેથી આ ધારણાઓ ઉપરના વિશ્વાસ અને શ્રધ્ધાએ વ્યક્તિ અને સમાજની એવી કાયાપલટ કરી નાંખી, જેના વિવરણથી ઈતિહાસના પૃષ્ઠો ભરાયેલા છે. તેના અસંખ્ય વ્યાવહારિક પ્રભાવો અને પરિણામોમાંથી માત્ર અમુક તદ્દન સંક્ષિપ્તમાં દર્શાવવામાં આવી રહ્યા છે.

- તે અરબ જાતિના લોકો જેઓ દારૂ પાણીની જેમ પીતા હતાં (ઈસ્લામથી અગાઉના આરબ સાહિત્યમાં દારૂના બસો પ્રકારના ઉલ્લેખ જોવા મળે છે) તે કોમના લોકોએ જ્યારે ઈસ્લામ સ્વીકારી લીધો અને ઈશદૂત મુહમ્મદ (સલ્લ.)એ સાર્વજનિક ઘોષણા કરાવી કે, કુર્આનની આયતો અવતરિત થઈ છે કે દારૂ હરામ (નિષેધ) કરી દેવામાં આવ્યું છે. (અર્થાત્ હવે જે વ્યક્તિ દારૂ પીશે, તેનો એક ઘૂંટ પણ પીશે, તેને પરલોકમાં નર્કની યાતના ભોગવવી પડશે) તો ઘોષણા સાંભળતા જ લોકોએ પોતે પોતાના દારૂથી ભરેલા માટલા ફોડી નાખ્યાં, હાથમાંનો પ્યાલો જે મોં સુધી આવી ગયો હતો, ફેંકી દીધો, ગળામાં આંગળીઓ નાંખીને પેટમાં જતો રહેલો દારૂ ઊલ્ટી દ્વારા બહાર કાઢી નાખ્યો અને ઘોષણા સાંભળ્યા પછી પણ દારૂની સભામાં તેનું રસપાન કરી રહેલાઓને બીજાઓએ મુક્કા મારીને ઢીબી નાંખ્યા.
- છોકરીનો જન્મ થતો તો મોં ઉપર કાલિમા છવાઈ જતી (કુર્આનમાં ઉલ્લેખ ૧૬:૫૮) વિભિન્ન કારણોસર દીકરીને જીવતાં જ દાટી દેવાની પીશાચી-

ક્રુર પ્રથા પણ પ્રચલિત હતી. કન્યાઓની હત્યા વિરુધ્ધ કુર્આનમાં આયતો અવતરિત થઈ (૧૮:૮,૯) પયગમ્બર સલ્લ. એ અમુક સંક્ષિપ્ત આદેશ આપ્યા. તે સાથે જ દીકરીના જન્મ વખતે લોકો પ્રફુલ્લિત થઈ ઉઠતાં. દીકરીને સ્વર્ગ પ્રાપ્તિનું સાધનમાનીને માબાપ આનંદવિભોર અને પ્રસન્ન થઈ જવા લાગ્યાં. આમ દીકરીની હત્યાનું મુસ્લિમ સમાજમાંથી સંપૂર્ણ અને સ્થાયી રીતે અવમૂલ્યન થઈ ગયું.

- માતા-પિતા ખાસ કરીને જ્યારે તેઓ વૃદ્ધ, અશક્ત અને આશ્રિત થઈ જાય ત્યારે સંતાનો તેમના સન્માન, આદર, સેવા-સુશ્રૂષા અને આજ્ઞાપાલનમાં તત્પર થઈ ગયાં કેમ કે તેમની આ સેવામાં તેઓને સ્પષ્ટ રીતે પોતાની સ્વર્ગ પ્રાપ્તિના સાધનો દેખાવા લાગ્યા.

મૃત્યુ પછી જીવનની ઈસ્લામી પરિકલ્પનાએ સાંસારિક જીવનના કોઈ પણ પાસાને અછૂત અને પ્રભાવિત કર્યા વગરનો નથી છોડ્યો. ઈતિહાસ એ વાતની સાક્ષી આપવા વિવશ થઈ ગયો કે દુનિયાથી સૌથી અભણ, અસભ્ય, દુરાચારી, વ્યસની અને અસહિષ્ણુ તેમજ કોઈપણ નિયમમાં ન માનનારી અરબ બદ્દુ કૌમ કેવી રીતે જોતજોતામાં સદાચાર, ઈમાનદારી, સભ્યતા, દયાળુતા, સુશીલતા, ક્ષમા, ત્યાગ, જનસેવા, જ્ઞાનવિજ્ઞાન તથા માનવ મૂલ્યોમાં ઉત્કૃષ્ઠ અને શ્રેષ્ઠ બની ગઈ. આ પરિવર્તન અને સંપૂર્ણ ક્રાંતિ લાવવામાં ઈસ્લામની મૂળભૂત ધારણાઓ, વિશુદ્ધ એકેશ્વરવાદ અને પરલોકની પરિકલ્પનાએ અસલ ભૂમિકા ભજવી છે અને સંપૂર્ણ યોગદાન આપ્યું છે.

શું આપણે સારા માનવી બનવા નથી ઈચ્છતા ? શું આપણે સારો પરિવાર, સારો સમાજ, ઉત્તમ સામૂહિક વ્યવસ્થા બનાવવાની આકાંક્ષા અને અભિલાષા નથી ધરાવતા ? શું આપણે દુરાચાર, અત્યાચાર, ભ્રષ્ટાચાર, અન્યાય, અશાંતિ, અપરાધીકરણ, ભ્રુણહત્યા, કન્યાના વધ, અપહરણ અને શોષણનું નિવારણ નથી ઈચ્છતા ? ચોક્કસપણે આપણામાંથી પ્રત્યેક આ બધું ઈચ્છે છે. તો આવો, મૃત્યુ પછી જીવનની ઈસ્લામી પરિકલ્પના અપનાવીએ અને સમય વેડફ્યા વગર "પરલોકની તૈયારી" આજથી જ શરૂ કરી દઈએ. ઈશ્વર આપણી સહાયતા અને આપણું માર્ગદર્શન કરે.

-❖-

અલ્લાહ કુર્આનમાં પોતાના ઈશદૂત હઝરત મુહમ્મદ (સલ્લ.)ને સંબોધીને ફરમાવે છે,

"સ્પષ્ટપણે કહી દો કે આ સત્ય છે તમારા રબ તરફથી, હવે જેનું મન ચાહે માની લે અને જેનું મન ચાહે ઈન્કાર કરી દે. અમે (ઈન્કાર કરનારા) જાલિમો માટે એક આગ તૈયાર કરી રાખી છે. જેની જ્વાળાઓ તેમને ઘેરામાં લઈ ચૂકી છે. ત્યાં જો તેઓ પાણી માંગશે તો એવા પાણી વડે તેમનું આતિથ્ય કરવામાં આવશે જે તેલના કીટા જેવું હશે અને તેમના મોઢાં ભુંજી નાંખશે, સૌથી ખરાબ પીણું અને ઘણું જ ખરાબ વિશ્રામગૃહ !

રહ્યા તે લોકો જેઓ માની લે અને સત્કર્મો કરે, તો ચોક્કસ અમે સદાચારીઓનો બદલો વ્યર્થ કરતા નથી.

તેમના માટે સદાબહાર જન્નતો છે જેમના નીચે નહેરો વહી રહી હશે, ત્યાં તેમને સોનાના કંગનો વડે આભૂષિત-કરવામાં આવશે. ઝીણા રેશમ અને સાટીન અને કીનખાબ (ભરતવાળુ સૂક્ષ્મ જાળીદાર કાપડ)ના લીલા પોશાક પહેરશે, અને ઉચ્ચ આસનો ઉપર ગાવ-તકિયા લગાવીને બેસશે, સૌથી શ્રેષ્ઠ બદલો અને ઉચ્ચ કક્ષાનું નિવાસ. (કુર્આન સૂરઃકહફ ૨૯,૩૦,૩૧)